fl
i)

॥ હરિ:ૐ ॥





પૂજ્ય શ્રીમોટા વિરચિત

# વિધિવિધાન



જેઓનાં લગ્ન નિમિત્તે પૂજ્ય શ્રીમોટાએ ગુજરાતી ભાષામાં લગ્નવિધિની રચના કરી, તેમના સુરત આશ્રમમાં તા. ૩૦-૫-૧૯૬૧ના રોજ લગ્ન કરાવતા પૂજ્ય શ્રીમોટા, શ્રી મુકુલ કલાર્થી , શ્રી નિરંજનાબહેન અને તેમના પિતાશ્રી ઉત્તમચંદ શાહ (ડાબી બાજુ)



॥ હરિ:ૐ ॥

પૂજ્ય શ્રીમોટા વિરચિત

# વિધિવિધાન

(સરળ ગુજરાતીમાં સમજાવટ સાથે)

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ.

| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૮૨ | ૨૦૦૦ | ત્રીજી | ૨૦૧૫ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૦૯ | ૨૦૦૦ | | | |

❑ પૃષ્ઠ : ૧૩૦

❑ કિંમત : **રૂ. ૧૦/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

(ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથે પોતાના માતાપિતાના સંબંધથી
આશ્રમ સાથે સંકળાયેલ,
પૂજ્ય શ્રીમોટા પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને
પ્રેમભાવ રાખનાર
અને આશ્રમનાં કાર્યોમાં મદદરૂપ થનાર
બારડોલી, જિલ્લો સુરત નિવાસી
**શ્રી નિલમબહેન સી. પાઠકને**
**'વિધિવિધાન'** પુસ્તકની
આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન
માન અને આદરથી
સમર્પિત કરીએ છીએ.

તા. ૧૨-૧૧-૨૦૧૫
નૂતન વર્ષ, સં. ૨૦૭૨
કારતક સુદ એકમ

**ટ્રસ્ટીમંડળ,**
**હરિઃૐ આશ્રમ, સુરત**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

આપણે ત્યાં લગ્ન, વિવાહ, યજ્ઞોપવીત, ખાતમુહૂર્ત વગેરે વિધિઓ પુરોહિતો શાસ્ત્રોક્ત રીતે કરાવે છે એમ માની, તેઓ જેમ કરવાનું કહે તેમ કરતા રહી, આપણે એ વિધિઓ કરીએ છીએ. સંસ્કૃત ભાષાના અજ્ઞાનને કારણે તથા અપભ્રંશ થયેલા ઉચ્ચારોને કારણે પુરોહિત જે કંઈ બોલાવે તેનો શો અર્થ થાય, અથવા તે જે કંઈ વિધિ કરાવે તેનો શો અર્થ છે, તે વિધિ કરનાર મોટા ભાગે સમજતા હોતા નથી. આમ, આ બધી વિધિ યંત્રવત્ અને રૂઢિગત રીતે થાય છે. તેથી, કરનારને તેનો લાભ કે સંસ્કાર મળતા નથી.

પૂજ્ય શ્રીમોટાએ આ પરિસ્થિતિમાં એક આગવું કદમ ઉઠાવ્યું હતું અને આ વિધિઓ કરવાની પદ્ધતિ ઊભી કરી હતી. તેની પાછળ એ વિધિ કરાવનાર, કરનાર અને તે પ્રસંગે હાજર રહેનાર એનો ભાવ સમજે, એના સંસ્કાર મેળવે અને એ રીતે વિધિ કરવા પાછળના ગુણ અને ભાવની વૃદ્ધિનો હેતુ સિદ્ધ થાય એ દૃષ્ટિ રહેલી છે. વળી, આ વિધિ કરવાની જે રીત પૂજ્ય શ્રીમોટાએ નક્કી કરી આપી છે, તે રીતે એ વિધિ કરવામાં આવે તો રૂઢિગત રીતે શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવે છે, તેના કરતાં ખર્ચ પણ સરખામણીમાં ઘણું ઓછું કહો કે નહિવત્ આવે છે.

આમ, પૂજ્ય શ્રીમોટાએ આપણને આપેલી આ વિધિની દેણના ત્રિવિધ ફાયદા છે : એક તો વિધિ કરાવનાર, કરનાર અને તે પ્રસંગે હાજર રહેનાર સહુ તેમાં લાભ લે છે. બીજું, તેઓ જે વિધિ કરે છે તે સમજપૂર્વક કરે છે અને ત્રીજું, તે આપણને ખર્ચાળ પદ્ધતિમાંથી મુક્તિ અપાવે છે. સમાજને માટે આ ત્રણ વાતનો સંયુક્ત ફાયદો અપાવે છે એ નાનોસૂનો નથી.

શ્રી રમાકાંતભાઈ જોશીએ આ વિધિઓ સંકલિત કરવાનું કામ કર્યું અને તે રીતે એને પ્રસિદ્ધ કરવા યોગ્ય બનાવી, તે માટે હરિઃૐ સત્સંગ મંડળ તેમનો આભાર માને છે. આના પ્રકાશન માટે હરિઃૐ સત્સંગ મંડળને રજા આપવા બદલ હરિઃૐ આશ્રમના પણ આભારી છીએ.

શ્રી રામચંદ્રભાઈ ગાંધી (વાડીલાલ આઈસક્રીમ પરિવાર) તરફથી આ પ્રકાશન માટે રૂ. ૧૦૦૦/-ની આર્થિક સહાય મળી છે, તે માટે હરિઃૐ સત્સંગ મંડળ તેમનો આભાર વ્યક્ત કરે છે.

## : નોંધ :

ચીલેચલુ ગ્રહશાંતિ નવગ્રહોને લક્ષમાં રાખી શાંતિ અર્થે કરાવાતી હોય છે, પરંતુ પૂજ્ય શ્રીમોટાએ લગ્નની ગૃહશાંતિમાં ગૃહ એટલે સ્વજનોથી ભર્યા ઘરને મહત્ત્વ આપી તેમાં કેવી રીતે શાંતિ જળવાય તે અગિયાર શ્લોકો દ્વારા સમજાવ્યું છે.

તેઓ અવારનવાર કહેતા કે જેમ યુદ્ધકાળમાં ગૃહમોરચે શાંતિ જાળવવી અત્યંત જરૂરી છે, તેવી રીતે સંસારમાં પણ ગૃહમોરચે એટલે કે ઘરમાં શાંતિ જાળવવી અત્યંત આવશ્યક છે. **Always keep peace at the Homefront** તેઓ કહેતા અને ઉમેરતા **– At any cost.**

જુલાઈ, ૧૯૮૨

**હરિઃૐ સત્સંગ મંડળ,**
**અમદાવાદ.**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની કલમે નિમિત્તયોગે જે સાહિત્યનું સર્જન થયું છે, તેમાં આ **'વિધિવિધાન'**નો સમાવેશ થાય છે. હકીકતે તો સ્વજન પરિવારમાં જ્યારે લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુહવન વગેરે પ્રકારના પ્રસંગો ઉદ્‌ભવ્યા અને જ્યારે પરિવારની ભાવના પ્રમાણે એ વિધિ પૂજ્ય શ્રીમોટા હસ્તક કરવાની થઈ, ત્યારે પ્રણાલિકાગત કર્મકાંડી-સંસ્કૃત ભાષાને બદલે સર્વ સ્વજન એ ક્રિયાનો અર્થ અને ભાવ સમજી શકે એ રીતે તેઓશ્રી દ્વારા ગુજરાતી ભાષામાં જે તે વિધિ આલેખાઈ હતી. સદ્‌ગત શ્રી રમાકાંતભાઈ જોશીએ, હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદના સક્રિય સ્વજન તરીકે એ બધી અત્રતત્ર રહેલી વિધિઓને એકત્રિત કરીને એનું સંપાદન કરેલું. સને ૧૯૮૨માં તેનું પ્રથમ પ્રકાશન થયું હતું.

આ **'વિધિવિધાન'**નું સાહિત્ય સ્વજનોને ઉપયોગી હોવાથી સંસ્થાકીય રીતે હરિઃૐ આશ્રમ, સુરત તેના પુનઃપ્રકાશનમાં બીજી આવૃત્તિ પ્રગટ કરી હતી. હવે આ જવાબદારી આશ્રમે સ્વીકારી છે તેથી જરૂરિયાત મુજબ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે. આ આવૃત્તિમાં સ્વજનોની અનુકૂળતા ખાતર સવિશેષ 'સ્વજનના મૃત્યુ બાદ કરવાની પ્રાર્થના'નો અંગ્રેજી અને હિન્દી અનુવાદ પુસ્તકના અંત ભાગે ઉમેરવામાં આવ્યો છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ. આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૨-૧૧-૨૦૧૫<br>
નૂતન વર્ષ સં. ૨૦૭૨<br>
કારતક સુદ એકમ

**ટ્રસ્ટીમંડળ,**<br>
**હરિઃૐ આશ્રમ, સુરત**

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાનો કર્મકાંડ

પૂજ્ય શ્રીમોટાએ જીવનનાં સર્વ પાસાંઓને તથા આવી મળતા વ્યવહારોને જ્ઞાનભાવે સ્વીકાર્યા છે અને એમને પણ દિવ્ય જીવન માટેની, પ્રભુમય જીવન માટેની સાધનાના એક આવશ્યક ભાગ ગણ્યા છે. પૂજ્ય શ્રીમોટાની આ ઘણી મોટી અને મહત્ત્વની ઘટના છે.

પૂજ્ય શ્રીમોટા સને ૧૯૩૯માં રામનવમીને દિવસે પૂર્ણ જીવનને પામ્યા. તે પછીનું તેઓશ્રીનું જીવન એ હરિરૂપ જીવન, પૂર્ણપુરુષ તરીકેનું જીવન હતું. કોઈ પણ વ્યક્તિ એમના જીવનના એ હાર્દને સંપૂર્ણ રીતે પામી ન શકે એવું ભવ્ય અને દિવ્ય જીવન હતું. તેમ છતાં તેઓશ્રીનું વ્યક્ત થવાનું એવું હતું કે તેઓ એક સામાન્ય જન હોય ! એનું કારણ એ હતું કે તેઓશ્રીના સ્ફટિક જેવા પારદર્શક વિરાટ જીવનમાં નિમિત્તયોગે જે જે વ્યક્તિઓ આવતી તેમની જ પ્રકૃતિનાં પ્રતિબિંબો ત્યાં ઝિલાતાં. એથી કરીને સર્વ વ્યક્તિઓને 'મોટા' પોતાના લાગતા અને એ ભાવના અને ભાવની ક્ષણોમાં 'મોટા'નો સૂક્ષ્મ ગૂઢ પ્રવેશ જે તે જીવોના અંતઃકરણમાં થઈને પ્રભુ પરત્વેની અભિમુખતાનાં બીજ મૂકી દેતો.

પૂજ્ય શ્રીમોટાનાં સૂક્ષ્મ ગૂઢ કાર્ય માટે પ્રકૃતિ માધ્યમ હતી. એથી એ પ્રકૃતિ એવી ને એવી કદી રહી શકતી નહિ પણ એનું રૂપાંતર થયે જતું. પ્રકૃતિના આવા રૂપાંતર એટલે કે પ્રભુભાવ તરફના રૂપાંતરમાં જીવનાં સભાનતા, સહકાર અને પોતાના તરફથી ઉત્કટ પુરુષાર્થની મદદ મળ્યા કરે તો તેવા જીવ પ્રભુના પાવનકારી પંથે ઝડપથી વિકાસ પામી શકે. આવું અજોડ અને અપૂર્વ સામર્થ્ય ધરાવતા અને સિદ્ધ કરી શકતા પૂજ્ય શ્રીમોટાએ આવી

સંસ્કારવિધિઓ રચીને કર્મકાંડ શા માટે ઊભું કર્યું હશે ? એવો પ્રશ્ન કોઈકને પણ થાય.

પૂજ્ય શ્રીમોટાના આ વિધિવિધાન પાછળ તેઓશ્રીને લક્ષિત એવી આધ્યાત્મિક ભાવના તો રહેલી જ છે. ઉપરાંત, સમાજ સુધારણાની ભાવના પણ રહેલી છે. આ પ્રકારની વિધિઓનું કેટલુંક બાહ્યાંતર મહત્ત્વ જોઈએ.

(૧) વિધિની રચના સરળ ગુજરાતી ભાષામાં છે. આપણો કર્મકાંડ સંસ્કૃતમાં હોવાથી દરેક વ્યક્તિ એ કર્મ પાછળનો ભાવ અને એને આચરવાની ભાવના પૂરેપૂરી સમજી શકે નહિ એવો સંભવ અનુભવાતો હતો. માટે આ વિધિ દ્વારા સૌ કોઈ એ કર્મ પાછળની ભાવના સમજી શકે એ માટે તેઓશ્રીએ અનુષ્ટુપ વગેરે છંદોમાં વિધિ આદિની રચના કરી છે.

(૨) દરેક પ્રસંગની વિધિમાં હાજર રહેલ સહુ સ્નેહીઓ અને શુભેચ્છકોએ મુખ્ય યજમાનની સાથે જ આ વિધિ ગાવાની હોય છે. એથી પ્રસંગમાં સૌ કોઈનો સાથ અને સહકાર અનુભવાય છે અને દરેક વ્યક્તિએ પોતે જ આવા શુભ કાર્યમાં પ્રત્યક્ષ સાચો ભાગ લીધો છે એવી ભાવના સાકાર થાય છે. વળી, સમૂહમાં વિધિ-પ્રાર્થનાઓ ગાવાથી એક જ ભાવનાને અનેક જીવોનો ભાવાત્મક વેગ મળતો હોવાથી એ પ્રત્યેક જીવના હૃદયને ખૂબ ઊંડે સુધી પહોંચી શકે છે અને સ્પર્શી શકે છે. એ ઉપરાંત એક ખાસ નોંધપાત્ર બાબત એ કે વિધિ-પ્રાર્થના એક પરમપુરુષ, આત્મનિષ્ઠ સદ્ગુરુનાં હૃદયમાંથી પ્રકટેલી હોવાથી એના શબ્દો ચેતનવંતા છે અને મોટેથી બોલનાર-ગાનારનાં જ્ઞાનતંતુઓને તથા અંતઃકરણને એનો સૂક્ષ્મ સ્પર્શ થાય છે. પરિણામે જીવને આધ્યાત્મિક લાભ અજાણતાં પણ થાય છે. વળી, આવા શબ્દો સમૂહમાં મોટેથી ઉચ્ચારાતા હોવાથી પવિત્ર કાર્ય માટે જરૂરી એવું વાતાવરણ પણ

નિર્માય છે. બધી જ વ્યક્તિઓ આ વિધિ-પ્રાર્થનાઓમાં સામેલ થતી હોવાથી દરેકનાં ચિત્ત એક જ ભાવનાત્મક કાર્ય સાથે જોડાયેલાં રહે અને યદ્વાતદ્વા જાય નહિ. પરિણામે ચેતનપુરુષની ચેતનાશક્તિ આવા એકાગ્ર બની રહેલા ચિત્તમાં ગૂઢ, દિવ્ય સંસ્કારો સ્થાપી શકે. આવા આધ્યાત્મિક હેતુઓ વિધિના સમૂહગાન પાછળ રહેલા છે.

(૩) પૂજ્ય શ્રીમોટા વિરચિત આ વિધિઓમાં કર્મ પાછળ કેવા પ્રકારની ભાવના દૃઢ કરવી એની સ્પષ્ટતા કરવામાં આવી છે. એટલા માટે આવા વિધિ પ્રસંગે જ્યારે એનું ગાન થતું હોય તે સાથે સાથે એના અર્થ પરત્વે પણ આપણું લક્ષ રહે એ ઘણું મહત્ત્વનું છે, કેમ કે શબ્દના અર્થો ગ્રહણ કરવાથી આપણા હૃદયમાં એ ભાવના જીવંત થઈ શકે છે. પૂજ્ય શ્રીમોટાએ જે ભાવનાઓ સ્પષ્ટ કરી છે એને જીવનમાં આચરતી વેળાએ હૃદયમાં કેવા પ્રકારનો ભાવ ધારણ કરવો અને કેવા કેવા ગુણો કેળવતા જવું એ પણ એમાં દર્શાવ્યું છે. એટલા માટે લગભગ દરેક પ્રસંગની વિધિમાં ભાવના સાથે ભાવ અને ગુણોનું સંવર્ધન થાય એ જ વાત મોખરે રહી છે. એટલે તેઓશ્રીએ પ્રેરેલી એકેએક પ્રાર્થના જીવનને પ્રભુભાવભર્યું એટલે કે ગુણ અને ભાવને પ્રકટાવનારું અને એની વૃદ્ધિ કરતા રહેવાને પ્રેરે એવું છે.

ઉપરાંત, આ વિધિઓમાં જે પ્રતીકો છે અને વસ્તુઓ છે, તેનું ગૂઢ રહસ્ય પણ સ્પષ્ટ કરેલું છે. દા.ત., ગણપતિ સ્થાપન, ગણ એટલે વૃત્તિઓ. પતિ એટલે સ્વામી. વૃત્તિઓનો સ્વામી છે તે ગણપતિ. આવી શુભ પ્રવૃત્તિ આરંભનાર જો પોતાની વૃત્તિઓ પર સંયમ ના રાખે તો આવું શુભ કાર્ય અશુભ બનાવી દે. તેથી સર્વ પ્રથમ તેને ચેતવવામાં આવે છે. તેને ચેતવવા માટે ગણપતિનું સ્થાપન જરૂરી છે.

(૪) પરિણામે આ વિધિ-પ્રાર્થનાઓ માત્ર શુષ્ક, ચીલાચાલુ કર્મકાંડ નથી, માત્ર કરવા ખાતર કરી લેવાની યોજના નથી પણ આપણા જીવનને ઉન્નત અને દિવ્ય માર્ગ તરફ લઈ જવા પ્રેરનારી એક અપૂર્વ શક્તિ છે. આ ભાવના જીવંત કરી આ સંસ્કાર વિધિઓ, નૈમિત્તિક પ્રાર્થનાઓ કે દૈનિક પ્રાર્થનાઓ થાય એનું ખાસ ધ્યાન રખાવું જોઈએ.

આપણા જીવનમાં જે જે મહત્ત્વના તબક્કાઓ આવે છે એમાં આવા પ્રકારો સંસ્કારવિધિ જીવનને ઘણા વેગથી ઉન્નત બનાવે છે. પૂજ્યશ્રીએ યજ્ઞોપવીત અને લગ્નસંસ્કારની ભાવનાને જે આધ્યાત્મિક ભાવથી સાકાર કરી આપી છે એ એમનો આપણા સમાજજીવન પર ઘણો મોટો ઉપકાર છે, કેમ કે આપણે આપણી સર્વ ધાર્મિક વિધિઓને કેવળ સામાજિક પ્રતિષ્ઠાનું સાધન બનાવીને એવા પ્રસંગ નિમિત્તે કેવળ વૈભવવિલાસનો બેહૂદો ડોળ દાખલ કરી દીધો છે ! પૂજ્ય શ્રીમોટાની આ રચનાત્મક દેણગીની કર્મકાંડી શાસ્ત્રીઓએ પણ કદર કરી છે, એ એક આપણા સામાજિક વિકાસનું ઊજળું ચિહ્ન છે.

(૫) આ સર્વ વિધિઓમાં ખાતમુહૂર્તને બાદ કરતાં અગ્નિ પ્રકટાવવાનો હોય છે, યોગ્ય મંત્ર પસંદ કરીને એની આહુતિઓ અર્પવાની હોય છે. પૂજ્ય શ્રીમોટાએ લગ્નવિધિ વખતે યજ્ઞકુંડની રચના તથા અગ્નિના પ્રાકટ્ય પાછળ રહેલી ભાવના સમજાવી છે. એની ધારણા રાખવાની છે. વિધિ વખતનાં સાધનો અને ક્રિયા પણ પ્રતીકરૂપ જ છે. એની પાછળની ભાવનાની સમજૂતી અને એ પ્રમાણે જીવન જીવવા માટેનો હૃદયનો ભાવભર્યો ઉમળકો મહત્ત્વનો છે. એ જ સર્વ પ્રકારની યજ્ઞવિધિ પાછળનું હાર્દ છે. હાર્દને જ ગ્રહણ કરવાથી જીવન પમાય છે, એમ પૂજ્ય શ્રીમોટા વારંવાર કહેતા હતા.

જીવનમાં, સંસારમાં વિઘ્ન, મુશ્કેલી, આપત્તિ, દુ:ખો, અનિષ્ટો વગેરે આવતાં હોય છે. એ વખતે પ્રભુ સાથે હૃદયનું અનુસંધાન રહે અને મુક્તપુરુષે-પૂર્ણપુરુષે પ્રેરેલા શબ્દો—કે જે મંત્રરૂપ છે—દ્વારા પ્રાર્થના થતી રહે એ માટે આવી યજ્ઞવિધિઓ છે. આવા યજ્ઞ કુટુંબીઓ તેમ જ વ્યક્તિ પોતે પણ કરી શકે. કોઈ પણ પ્રકારની સાંસારિક મુશ્કેલી અને વિઘ્ન વેળાએ યજ્ઞવિધિ પ્રાર્થનાનો પ્રયોગ કરવા જેવો છે, અને એના પરિણામનો અનુભવ કરવા જેવો છે.

(૬) પૂજ્ય શ્રીમોટાએ આ બધી વિધિઓની તથા પ્રાર્થનાઓની રચના નિમિત્તયોગે કરી છે. મુક્તપુરુષ માટે નિમિત્ત એ ઘણું જ સૂક્ષ્મ અને ગૂઢ તત્ત્વ છે. જિજ્ઞાસુઓએ તેઓશ્રી રચિત **'નિમિત્ત'** પુસ્તક વાંચવું જરૂરી છે. જે જે પ્રસંગોએ વિધિ કરાવવાનું આમંત્રણ પૂજ્યશ્રીને મળ્યું, તે તે નિમિત્તે તેઓશ્રીએ તે તે પ્રસંગને અનુરૂપ વિધિ-પ્રાર્થનાની રચના કરી.

ધાર્મિક આધ્યાત્મિક જીવનના સ્વીકારમાં વિધિ ઘણી જરૂરી છે. મૌનએકાંત મંદિરના આરંભના દિવસોમાં પૂજ્ય શ્રીમોટા મૌનએકાંતમાં બેસનાર જીવ પાસે જઈને અમુક વિધિ કરતા હતા. એ પછી તો તેઓશ્રીનું સામર્થ્ય જે તે જીવો પર સૂક્ષ્મ રીતે વિધિ કાર્ય કરતું. તેઓશ્રીએ એમ લખેલું છે કે આપણે એમને જે આજે યાદ કરીએ એ પણ તેઓશ્રીએ આપણામાં કરેલી એવી સૂક્ષ્મ વિધિનું પરિણામ છે. જેઓ પૂજ્ય શ્રીમોટાને રૂબરૂ મળ્યા નથી છતાં એમના પ્રતિ કોક ને કોક કારણસર આકર્ષાયા છે, એ પણ પૂજ્યશ્રીનાં સૂક્ષ્મ નિમિત્તો છે. એની એમના પર પણ આવી સૂક્ષ્મ ક્રિયાવિધિ થઈ જ હશે. આવા સમર્થ અને સૂક્ષ્મરૂપે રહીને સક્રિય રહેલા પરમ ચેતન સ્વરૂપ પૂજ્યશ્રીના હૃદયનું સાંનિધ્ય મેળવવા

આ બધી વિધિઓ, યજ્ઞવિધિઓ તથા પ્રાર્થનાઓ રૂપી પ્રેમભર્યું, અસરકારક અને પરિણામ પ્રેરક હાથવગું સાધન આપણને તેઓશ્રીની કૃપાથી મળ્યું છે.

(૭) કોઈ પણ વિધિ કરતાં કરતાં ઉત્સાહ કે ઉમંગમાં ક્રિયામાં કશું ઊલટાસૂલટી થાય કે કશી ભૂલ થાય તો ભય પામવાની જરૂર નથી. ક્રિયા કરવામાં મન વધુ એકાગ્ર રહે એ માટે આપણા કર્મકાંડી પુરોહિતોએ અમુક પ્રકારની ભૂલોથી ગંભીર પરિણામોના ભય દર્શાવેલા હશે એમ અનુમાન કરી શકાય, પરંતુ પૂજ્ય શ્રીમોટા પ્રેરિત આ વિધિમાં ક્રિયા માત્ર પ્રતીક છે, પણ એની પાછળની ભાવના અને ભાવ મહત્ત્વનો છે. એથી એ પ્રાર્થનાનું માત્ર ઉપરછલ્લું જ રટણ ન થાય એટલી કાળજી રાખવી જરૂરી છે. વળી, પ્રાર્થનામાં રહેલા ભાવ મુજબનું આપણું જીવન વહે એવી જાગૃતિ માટે પુરુષાર્થ કરતાં રહેવાનું છે. પૂજ્યશ્રીએ પ્રેરેલી વિધિઓનું આ હાર્દ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત પર રહ્યા કરે એ વધારે મહત્ત્વનું છે.

હરિઃૐ સત્સંગ મંડળની સ્થાપના થઈ, તે અરસામાં કોઈ કોઈ સ્વજનોને પૂજ્યશ્રી સાથે વાતો થતી. તેમાં સત્સંગ મંડળની પ્રવૃત્તિ અંગે પણ વાતો થતી. તેમાં નીચેના હેતુઓ પણ જણાવેલ.

(૧) તેમનાં વાર્તાલાપની અને પ્રવચનોની થયેલ ટેપો એકઠી કરી એક ટેપ-લાઈબ્રેરી બનાવવી.

(૨) તેમના પ્રગટ, અપ્રગટ સાહિત્યનું પુનર્મુદ્રણ કરવું તથા પ્રગટ કરવું. સ્વજનો સાથેના તૂટક તૂટક વાર્તાલાપોની નોંધો મેળવી પ્રગટ કરવી તેમ જ તેમનાં પુસ્તકો તથા ફોટા ઉપરનું તેમના હસ્તાક્ષરનું લખાણ મેળવી પ્રગટ કરવું. ઉપરાંત, તેમના જુદા જુદા ફોટા મેળવી સંગ્રહ કરવો.

(૩) અને એકત્રિત થયેલ સ્વજનો મારફત તેમની કોઈ પણ

પ્રવૃત્તિને કાર્યરત કરવા સરળતા કરી આપવી, તેને સાકાર કરવા વેગ આપવો.

સત્સંગ મંડળની સ્થાપના પાછળનો આ હેતુ સાંભળીને તેમણે કહ્યું હતું કે તો સત્સંગ મંડળ ચાલશે.

પરિણામે હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ-૩૮૦૦૧૪ તરફથી પૂજ્યશ્રી રચિત 'વિધિવિધાન' પ્રગટ થઈ રહ્યું છે. તેમાંની સામગ્રી એકઠી કરવામાં મને જે જે સ્વજનોએ સાથ અને સહકાર આપ્યો, તે માટે હું તેમનો અંતરથી આભાર માનું છું. કારણ તેમના પ્રેમભર્યા સહકાર અને મદદ વગર આ વેરવિખેર પડેલી સામગ્રી સરળતાથી એકઠી થઈ શકી ન હોત. હજી પણ કોઈની પાસે કંઈ રહી જતું હોય તો અમને મોકલી આપવા વિનંતી. બીજી આવૃત્તિમાં તેનો સમાવેશ કરીશું.

હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ-૩૮૦૦૧૪ અવારનવાર જપયજ્ઞ અને શાંતિકલ્યાણ યજ્ઞ યોજે છે. સ્વજનો અને જિજ્ઞાસુઓને આત્મકલ્યાણ માર્ગે વળવાની આ સામગ્રી પ્રકાશિત કરીને એક પ્રકારનું યજ્ઞકાર્ય જ કર્યું છે, અને તેમાં મને પણ સહભાગી બનાવ્યો તે માટે તેનો પણ હું અત્યંત ઋણી છું. હરિઃૐ.

તા. ૬-૭-૧૯૮૨ **રમાકાંત પ્ર. જોશી**

અમદાવાદ.

॥ હરિ:ૐ ॥

# પૂજ્ય શ્રીમોટા પ્રેરિત આહુતિયજ્ઞ

પૂજ્ય શ્રીમોટાએ કેટલાંક વર્ષો પહેલાં નરોડાના હરિ:ૐ આશ્રમમાં એક યજ્ઞ કરાવ્યો હતો. તેમાં કોઈ પણ ભાગ લઈ શકે એવી મોકળાશ હતી. સ્ત્રી, પુરુષ, બ્રાહ્મણ, હરિજન, પારસી, ખ્રિસ્તી, વિદ્વાન, અભણ વગેરે સર્વ કોઈ પ્રત્યક્ષ ભાગ લઈ શકે એવી વ્યવસ્થા હતી.

આ યજ્ઞમાં દિનરાત, ચોવીસે કલાક સતત એક શ્લોક બોલીને (થોડા જવ-તલ હોમીને) શ્લોકને અંતે આહુતિ આપવાની હતી. **વ્યક્તિની અંદર જ રહેલી નિમ્ન વૃત્તિઓની આહુતિ આપવાની હતી. એવો ભાવ અનુભવવાનો હતો.** પ્રભુને પ્રાર્થી પ્રાર્થીને આહુતિ આપતાં વ્યક્તિ જીવનવિકાસના માર્ગે થોડાંક પણ ડગ આગળ માંડી શકે એ હેતુ મુખ્ય હતો.

મોટાએ આવો અણદીઠો કે સાંભળવામાં આવ્યો ન હોય એવો યજ્ઞ શરૂ કરાવ્યો. જેમાં કશો જ આર્થિક ખર્ચ નહિ, ભભકો કે આડંબર નહિ. યજ્ઞમાં પાટલે બેસનાર વ્યક્તિ પોતાની નિમ્ન વૃત્તિઓને હોમી હોમીને જીવનને ઉન્મુખી બનાવવાની ભાવના હતી.

યજ્ઞમાં બોલવાનો શ્લોક પણ ગુજરાતીમાં હતો. સામાન્ય રીતે શ્લોક સંસ્કૃત ભાષામાં હોય પણ એને સમજનારા કેટલા ? અને જેનો અર્થ ન સમજાય તેનો ભાવ શી રીતે જન્મે ? પ્રથમ અર્થનિષ્પત્તિ હોય પછી જ ભાવનિષ્પત્તિ. આ કારણસર મોટાએ નીચેનો શ્લોક ગુજરાતીમાં રચેલો:-

(અનુષ્ટુપ)

***પામવા વિઘ્નથી મુક્તિ, શાંતિ કલ્યાણ ઝંખવા,***
***આહુતિ આપીએ પ્રાર્થી, ઉન્મુખી દિલ પ્રેરવા.***

અહીં વિઘ્ન શબ્દનો અર્થ સંસારિક પણ હોય અને સાધનામાં નડતાં વિઘ્નો પણ હોય. એટલે 'વિઘ્ન' શબ્દ અંગે તો ઉચ્ચારનાર વ્યક્તિની પ્રત્યેકની જુદી જુદી ધારણા રહી શકે. વળી 'શાંતિ કલ્યાણ ઝંખવા'માં માત્ર ઈચ્છા-અભિલાષા-ધારણા નહિ ચાલે ઝંખના જ જોઈએ. નિમ્ન વૃત્તિઓની આહુતિ અપાય ત્યારે જ દિલ ઉન્મુખી બને.

યજ્ઞના ત્રીજા-છેલ્લા દિવસે જ્યારે હું શહેરમાંથી નરોડા પહોંચ્યો ત્યારે સાત-આઠ બહેનો એકાગ્ર ચિત્તે વેદીમાં જવ અને તલની આહુતિ અર્પી રહ્યાં હતાં. એ શ્લોક ગુજરાતીમાં ઉચ્ચારાતો હતો એટલે એના ઉચ્ચારણથી વાતાવરણમાં ગંભીરતા છાઈ રહી હતી. બહેનોના મુખ ઉપર ઉલ્લાસ અને આનંદ હતો.

શ્રી ઉપાસનીબાબાના સ્થાનક સાકુરીમાં બહેનો યજ્ઞ કરે છે ખરી પરંતુ આશ્રમમાં તાલીમ પામેલી, દીક્ષા પામેલી કન્યાઓ જ ભાગ લઈ શકે છે. જ્યારે આ યજ્ઞમાં તો કોઈ પણ બહેન નાહીધોઈ સ્વચ્છ થઈને ભાગ લઈ શકતી હતી.

નરોડામાં આ યજ્ઞને જોવા કેટલાય બ્રાહ્મણો આવેલા અને બહેનોને યજ્ઞમાં આહુતિ આપતી જોઈ દુભાયા હતા. તેઓએ મોટાને કહ્યું કે તમે અધર્મ કરી રહ્યા છો, મહારાજ ! **મોટાએ જવાબ આપેલો કે એનું પાપ અને સજા હું ભોગવી લઈશ.** આહુતિ અર્પવા માટે બહેનો જ વધુ લાયકાતવાળી છે એ વાત બ્રાહ્મણોના ગળે કેમ ઊતરે ?

**આપણા સમાજમાં સ્ત્રી એક એવું પાત્ર છે કે સંસાર જીવનમાં સ્વાર્પણની આહુતિઓ ક્ષણે ક્ષણે આપતી જ રહેલી છે.** એમના દ્વારા જ ધર્મની ભાવના હજુ ટકી રહી છે. એ ભાવનાઓનું વહન બહેનોમાં શુષ્ક બુદ્ધિથી નહિ, પણ હૃદયની ભાવનાથી થઈ રહેલું છે.

પૂજ્ય શ્રીમોટામાં નીડરતા છે, સાહસિકતા છે. મૌનમંદિરો એ એમની આખી વિશિષ્ટ મૌલિક શોધ છે. એનો જોટો હિંદમાં ક્યાંયે નહિ હોય- લગભગ નથી જ. આ મૌન યોજનાને તેઓએ સક્રિય અને કામયાબપણે અમલી કરી બતાવી છે.

જીવનમુક્તો પાસે અનુકરણ નથી હોતું, મૌલિકતા હોય છે અને તેય ક્ષણે ક્ષણે બદલાતી નિત્ય નૂતન રમણીય હોય છે. વળી, સહજીવનની તેમની પદ્ધતિમાં વિશેષતા આવી જાય છે. બહેનો આહુતિ આપતી હોય ત્યારે બહેનો જ બેસે ને પુરુષો સાથે ના હોય એવું પણ નહિ, સ્ત્રીપુરુષના તેવા ભેદ ત્યારે નથી હોઈ શકતા. આ પણ એક વિશેષતા છે.

નરોડામાં આ યજ્ઞ જ્યાં શરૂ કરાવ્યો હતો તેનાથી એકાદ માઈલના અંતરે એક લક્ષચંડી યજ્ઞ થઈ રહ્યો હતો. ૧૨૫૦ જેટલા બ્રાહ્મણો આહુતિ આપનારા હતા. ૧૦૧થી વધારે યજ્ઞની વેદીઓ હતી. પાર વિનાના સ્વયંસેવકો હતા. જાણે કે એક નાનું ગામડું વસ્યું હોય ! અમદાવાદથી આખો દિવસ સ્પેશિયલ બસો દોડતી રહેતી હતી. આવા પ્રણાલિકાતગત મહાયજ્ઞની પાડોશમાં જ શ્રીમોટાનો નવીન ઢબનો નૂતન દૃષ્ટિ અર્પતો એક નાનકડો યજ્ઞ યોજાયો હતો.

'આશ્રમની અટારીએથી', ચોથી આ., પૃ. ૧૫૯

હરિઃૐ આશ્રમ, - **નંદુભાઈ**
નડિયાદ-સુરત મે. ટ્રસ્ટી,

॥ હરિઃૐ ॥

# વિધિ કરાવનાર માટે

પૂજ્ય શ્રીમોટાની – શ્રીસદ્‌ગુરુની છબિ સન્મુખ ધારીને, તેઓશ્રીની હાજરીની ધારણા હૃદયમાં ધારીને ત્રણ વખત મોટેથી 'હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ' પોકારી તેઓશ્રીની ચેતનાનું આવાહન કરવું–કરાવવું.

જ્યાં જ્યાં અગ્નિ પ્રકટાવવાનો હોય છે ત્યાં ત્યાં 'અગ્નિ પ્રકટાવવાની પ્રાર્થના' છાપેલી જ છે, પણ એ અગાઉ લગ્નવિધિ વિભાગના આરંભમાં, 'યજ્ઞવેદી તથા કંકુ-ચોખા' વગેરેનું તાત્પર્ય છપાયું છે, એ વાંચીને સમજાવવું.

વિધિ કરાવનાર વ્યક્તિએ વિધિ કરાવતી વખતે પોતે પૂજ્ય શ્રીસદ્‌ગુરુનો એક નમ્ર સેવક છે, એવી ભાવનાની ધારણા જાળવી રાખવી. એ માટે વિધિનો આરંભ કરતાં પહેલાં પૂજ્ય શ્રીસદ્‌ગુરુને પ્રાર્થના કરીને એમની પાસેથી કૃપાશક્તિની યાચના કરવી.

**નોંધ :** આહુતિ આપવાની રીત – જમણી હથેળીમાં હવ્ય (બે દાણા જવ-તલ) મૂકી તે હથેળી લંબાવી અગ્નિમાં સમર્પિત કરવું. હવ્યને આંગળીઓ દ્વારા પકડી ફેંકવું નહિ.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ખંડ : ૧ | ખાતમુહૂર્ત સંસ્કાર | ૨૧ |
| ખંડ : ૨ | વાસ્તુવિધિ | ૨૮ |
| ખંડ : ૩ | યજ્ઞોપવીત | ૩૭ |
| ખંડ : ૪ | વિવાહવિધિ | ૪૭ |
| ખંડ : ૫ | માંડવામુહૂર્ત અને ગ્રહશાંતિ | ૫૦ |
| ખંડ : ૬ | લગ્નવિધિ | ૫૬ |
| ખંડ : ૭ | ઉદ્‌ઘાટનવિધિ | ૮૩ |
| ખંડ : ૮ | શાંતિકલ્યાણ યજ્ઞવિધિ | ૯૧ |
| ખંડ : ૯ | નૈમિત્તિક પ્રાર્થનાઓ | ૯૭ |
| ખંડ : ૧૦ | દૈનિક પ્રાર્થનાઓ | ૧૦૪ |
| ખંડ : ૧૧ | નિત્ય પ્રાર્થનાઓ | ૧૦૯ |


•

# વિધિવિધાન

❑

પૂજ્ય શ્રીમોટા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

- શ્રીમોટા

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

॥ હરિઃૐ ॥

## ખંડ : ૧

# ખાતમુહૂર્ત સંસ્કારવિધિ

- સાધન સામગ્રીની યાદી
- ખાતમુહૂર્ત કરવાની વિધિ
- ભૂમિમાતાની પ્રાર્થના
- ખાતમુહૂર્ત : મંગળ પ્રાર્થના
- ખાતમુહૂર્ત : મંગલાષ્ટક

॥ હરિઃૐ ॥

# ખાતમુહૂર્ત સાધન સામગ્રીની યાદી

૧. પાંચ જાતનાં રત્નો—હીરા, પાનું, માણેક, શનિ, મોતી.

૨. સાત ધાતુઓ—સોનું, ચાંદી, તાંબુ, પિત્તળ, લોઢું, કલાઈ, ઍલ્યુમિનિયમ.

૩. સાત ધાન્ય—ઘઉં, ડાંગર, બાજરી, મઠ, મગ, અડદ, જવ.

૪. ખાડો – ઈંચ ૨૪ x ૨૪ x ૨૪. નાની કોઠી હોય તો ઈંચ ૩૦ x ૩૦ x ૩૦ ને વધુ પહોળો.

૫. નામસ્મરણની લખેલી નોટબુકો અને ભૂમિપ્રાર્થના પુસ્તિકાઓ (આશ્રમેથી લેવાની).

૬. પાન-૧૦, સોપારી-૧૦, નાડાછડી, ચોખા, કંકુ (પલાળેલું), ચંદન ઘસેલું, પંચામૃત તૈયાર કરેલું, ગોળધાણા અને થોડાં ફૂલ, ઘીનો દીવો.

૭. તાંબાનો કાણા વિનાનો પૈસો, પાવડો, ત્રણ પાટલા, ત્રણ આસનિયાં.

૮. કાચી ઈંટો પાંચ.

૯. કોરી નવી માટલી-ઢાંકણ સાથે, માટલીના કાને બાંધવાનો સફેદ નવો કોરો કકડો.

૧૦. ખાડામાં રેડવા પાણી ૨ ડોલ, ૨ નૅપ્કિન તથા માટી ખોદેલી તૈયાર રાખવી. આચાર્યશ્રી, પૂજ્યશ્રીની ખુરશી દક્ષિણાભિમુખે, બે પાટલા પૂર્વાભિમુખે.

૧૧. મંડપ મોટો બાંધ્યો હોય અને ઘણાં જણ હોય તો લાઉડ સ્પીકરની વ્યવસ્થા કરવી.

॥ હરિઃૐ ॥

# ખાતમુહૂર્ત કરવાની વિધિ

આચમન કરાવવું – ૐ કેશવાય નમઃ, ૐ નારાયણાય નમઃ, ૐ માધવાય નમઃ-મંત્રોથી આચમન કરવું તથા ૐ ગોવિંદાય નમઃ મંત્રથી હાથ ધોવા.

ૐ ભૂમયે નમઃ ખાડામાં પંચામૃત અર્પણ કરવું.

ૐ ભૂમયે નમઃ ખાડામાં ચંદનના છાંટા નાખવા.

ૐ ભૂમયે નમઃ ખાડામાં કંકુનો ચાંલ્લો કરવો.

ૐ ભૂમયે નમઃ ખાડામાં ચોખા નાંખવા.

ૐ ભૂમયે નમઃ ખાડામાં ફૂલ નાંખવા.

ઘડાની અંદર પ્રાર્થનાનાં પુસ્તકો મુકાવ્યા પછી તેમાં સપ્ત ધાન સગાં-સ્નેહીઓ પાસે નંખાવવાં.

પછી મુખ્ય માણસ દ્વારા સાત ધાતુ અને નંગ મુકાવવા.

પછી પાન ઉપર સાથીઓ દોરવો. તે પર સોપારી મૂકી ફૂલ, કંકુ, ચોખા ચઢાવી (ગણેશ) પૂજન કરવું અને તે બધું ઘડામાં મુકાવવું. તે પછી કોઈ બહેન માથે મૂકી તે ઘડો લઈ જાય અને ખાડામાં મૂકે.

ઘડાનું મોં કોડિયું મૂકી બંધ કરવું. પછી પાંચ ઈંટો તે ઉપર ધીમેથી મૂકવી. ૨+૧+૨ પહેલાં બે, તે ઉપર એક અને ઉપર બે.

નાડાછડીથી ઈંટો સમેત ઘડો બાંધી દેવો. પછી ભૂમિમાતાની પ્રાર્થના કરવી અને પછી માટીથી ખાડો પૂરી દેવો. સઘળાં સ્વજનોએ માટી નાખવી. પછી વાસ્તુની વિધિ કરવી.

॥ હરિઃૐ ॥

# ભૂમિમાતાની પ્રાર્થના

*(શિખરિણી)*

ભૂમિ મા તારાથી જગજન બધાં જન્મ ધરીને !
ભૂમિ મા તારાથી જીવન જીવતા ક્ષેમ ચહીને !
ભૂમિ મા તેં કેવાં રસબસ કર્યાં જીવન બધાં !
બધાં પોઢાડી દે તુજમહીં તું માડી શયનમાં ! ૧

*(અનુષ્ટુપ)*

તને મા એવી વેદીએ કોટી વાર પ્રણામથી,
તને મા દિલ પ્રાર્થીએ 'ધારજે પથમાં ચહી'. ૨

થયા મા દોષ મારાથી પાદસ્પર્શ કર્યાં કરી,
પાદ તળે તને ખૂંદી તોય હે મા ! તું ના રૂઠી. ૩

કણ એક તને દેતાં તેં દીધા કેટલા બધા,
એવી તું ઉપકારી મા અમોને પોષજે સદા. ૪

તારાથી જીવીએ તોયે તને સંભારતા નથી,
એવા કૃતઘ્ની, તું તેને મા ! ક્ષમા કરજે સહી. ૫

આજ તારા પરે, માડી કલ્યાણ જીવનું થવા,
મકાન-ખાતમુહૂર્ત માંડીએ, પ્રાર્થી દિલમાં. ૬

તારામાં રસ જે ગૂઢ જુદાં જુદાં રૂપે ફૂટે,
પ્રભુ ! પ્રકટાવજે તેવો રસ તારો અમો હૃદે. ૭

ગૃહે આ જે વસે તેને સુખ શાંતિ પ્રભુ મળો,
તેમના જીવને વ્હાલા ! પ્રેરણા પ્રેરજો તમો. ૮

॥ હરિ:ૐ ॥

# ખાતમુહૂર્ત મંગળ પ્રાર્થના

(અનુષ્ટુપ)

મંગળ સર્વ કાર્યોમાં, રિદ્ધિસિદ્ધિ ગણેશને,
પ્રાર્થના કરી ભૂમિમાં, પ્રતિષ્ઠિત થવા પદે. ૧

વરાહ, કૂર્મ, દેવોની સાથે સાથે સ્તવી હ્રદે,
પ્રતિષ્ઠાઓ જગા વિશે, થજો સૌ દેવની ખરે ! ૨

લીધેલાં કર્મમાં કોઈ, વિઘ્ન, મુશ્કેલી, ગૂંચ જે,
નિમિત્તો સાંપડે, તેથી, મળજો મુક્તિ કર્મપે. ૩

સર્વ સરળતા પાકી, આ કર્મમાં મળ્યા કરી,
ભાવના શુદ્ધ સંપૂર્ણ, રખાવજો અમારી શી ! ૪

આ કર્મ જે અમારાથી, ઉત્તમોત્તમ રીતથી,
પરિપૂર્ણ બધી રીતે પાર ઉતારજો વળી. ૫

'મહત્તા કર્મને પૂરું, યોગ્યતા એની સૌ થવા,
ત્યાં અપાજો અમારાથી' પ્રાર્થના એવી પાદમાં. ૬

અમારી બુદ્ધિમાં સ્વાર્થ, ચઢી ના બેસજો નર્યો,
યોગ્ય થવા બધાંનુંયે, સદ્‌બુદ્ધિ દિલ પ્રેરજો. ૭

કર્મની યોગ્યતા રીતે, સધાજો કર્મ તે બધું,
દેવાદિ, શક્તિની સ્‌હાય કૃપાથી મળજો, સ્તવું. ૮

• • •

॥ હરિઃૐ ॥

# ખાતમુહૂર્ત મંગલાષ્ટક*

(શાર્દૂલવિક્રીડિત)

આજે શ્રીપ્રભુની કૃપાથી ફળતું, તે સ્વપ્ન ઊગ્યું હતું,
જે પૂરાં દસ વર્ષ ઉપર વળી, વિઘ્નોમહીં ડૂબ્યું'તું,
ના, ના, સ્વપ્ન હતું ન એ, પણ હતો સંકલ્પ એ તો મહા,
સાક્ષાત્ શ્રીપ્રભુનો, પછી ક્યમ રહે પામ્યા વિના પૂર્ણતા. ૧

ને એ વિઘ્ન હતાં નહિ અવર કો સંજોગથી બ્હારના,
ના દૈવી કંઈ આફતો નડી હતી કે માનવી, રાક્ષસી,
ના એમાં નિયતિય કંઈ નડી હતી કે કાળની પક્વતા,
એમાં તો સ્વજનોતણી જ નડતી આડાઈ ઊંડી હતી. ૨

જે છે સર્જક સ્વામી ને નિયતિનો તેને વિધિ શું કરે ?
સ્વામી સર્જક કાળ ને સ્થળતણો તેને શું બંને કરે ?
સ્વેચ્છાથી પણ જે કંઈ જ્યમ થતું તેવું થવા દીધું તેં,
આનંદે સહુયે સહ્યા સ્વજનના આઘાત ને ઘા બધું. ૩

જેની પ્રાપ્તિ થવા સદા હૃદયમાં ઇચ્છે સ્વયં જીવને,
જેમાંહી સ્થિતિ સર્વ કાળ ટકવા જેમાં ગળી ને જવા,
તેના માર્ગમહીં જ જીવ પ્રકૃતિ વિઘ્નો સદા નાંખતી,
લીલા એવી રચી અહા પ્રભુ ! તને પામી શકે કોણ હા ! ૪

કિંતુ આજ કૃપા કરી અમ પરે, વિઘ્નો ખસેડ્યાં બધાં,
ને દીધી બહુ આજથી સરળતા તારી જ પાસે જવા,
તારે તો કરવાનું ના કંઈ હતું બાકી રહ્યું હે પ્રભુ !
મારું જીવન ધન્ય તો થઈ ગયું અગ્યાર વર્ષો થયાં. ૫

હૈયે કિંતુ ધરી અતિ કરુણતા જીવો પ્રતિ બાકીનું,
હોમ્યું જીવન તારું તે સ્વજનને કાજે જ યજ્ઞોમહીં,
તેમાંયે સ્વજનો જ નાંખી કંઈ કૈં વિઘ્નો તને ડારતાં,
હૈયે ધારી ઉદારતા સહી બધું, સંકલ્પ સિદ્ધિ થવા. ૬

મંડ્યા ત્યાં કરી આખરે સફળતા આજે મળી શી કૃપા !
આજે તેથી પ્રણામ કોટિ કરીએ દેજો ક્ષમા સર્વથા,
જે જે સર્વ થઈ ગયું અમ થકી જાણ્યે અજાણ્યે પ્રભો !
ભૂલી તે, અમ જીવની પ્રકૃતિને શિવ સ્વરૂપે કરો. ૭

આકર્ષે જનતા ન એવું કંઈયે તારી દુકાને દીસે,
કિંતુ જે તુજ પાસ આવી ચઢસે તે પામશે સર્વને
યત્નો કોટિ થકી ન જે મળી શકે બેમૂલ કે દ્રવ્યથી,
તેની પ્રાપ્તિ થઈ શકે તમ થકી વંદું પ્રણામો કરી. / ફરી ને ફરી. ૮

• • •

*કુંભકોણમ્‌ના આશ્રમના ખાતમુહૂર્ત પ્રસંગે રચાયેલ મંગલાષ્ટક.

॥ હરિ:ૐ ॥

## ખંડ : ૨

# વાસ્તુવિધિ

- સાધન સામગ્રીની યાદી
- વ્યવસ્થા અંગે સૂચનો
- ગૃહપ્રવેશની પ્રાર્થના
- અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના
- પૂર્ણાહુતિ મંત્ર
- કુટુંબની નિત્ય પ્રાર્થના
- આરતી (પૂજ્ય શ્રીમોટા રચિત)

॥ હરિઃૐ ॥

# ગૃહપ્રવેશ યાને વાસ્તુ
# સાધન સામગ્રીની યાદી

૧. વેદી નેટ ઇંચ ૧૬ x ૧૬ x ૧૩ ઊંડી અંદરથી, ઈંટો ધોળાવીને વાપરવી.

૨. પાતળાં સૂકાં બાવળનાં લાકડાંના કટકા, તદ્દન સૂકાં. એક મણ કટકા — નાના નાના.

૩. કપૂર ગોટીઓ ૧૨.

૪. ગરમ કરેલું, બને ત્યાં સુધી ગાયનું ઘી, ૧૨૫ ગ્રામ.

૫. દીવાસળીની પેટી, વીંજણો દેશી.

૬. તલ સફેદ ૧૦૦ ગ્રામ, જવ ૧૦૦ ગ્રામ.
(ભૂતનો વહેમ હોય તો સફેદ તલને બદલે કાળા તલ લેવા.)

૭. નારિયેળ - સૂકું છોડાં સાથેનું, અંદરથી પાણીવાળું.

૮. ઊભી દિવેટનાં ૧૦ પૂમડાં, ઘીમાં બોળેલાં.

૯. ચોખા, કંકુ, નાડાછડી, પાન-૧૦, સોપારી-૧૦.

૧૦. થોડું ઘસેલું ચંદન, પાટલા-૪, માળા-૧૦૯ મણકાની.

૧૧. ફૂલ, ગોળધાણા, આસનિયાં-૪, પાટલા ઉપર મૂકવા માટે.

૧૨. પિતૃઓનાં સાત પેઢીઓનાં નામ લખી રાખવાં. અગ્નિ પેટાવવાની પ્રાર્થના, આહુતિ મંત્ર પિતૃઓને સ્મરીને, ગૃહપ્રવેશ પ્રાર્થના, આરતીની પ્રાર્થનાઓ (આશ્રમેથી લેવાનું).

૧૩. ચમચો, વાડકો - ઘી માટે.
૧૪. કંકુ પલાળી રાખવું.
૧૫. એક મોટો ટાટ યા થાળી મોટી.
૧૬. નૅપ્કિન - ૨, પાણી ભરેલો લોટો.
૧૭. અરણિનો લાકડાનો દાંડો (૧ ફૂટનો) રોપવા માટે, નાડાછડી બાંધીને સમડી અથવા ખીજડાનો.
૧૮. દક્ષિણાભિમુખે ગુરુનો પાટલો, પૂર્વપશ્ચિમાભિમુખે પૂજન કરનારાં.
૧૯. દશ જાતનાં સમિધ તદ્દન સૂકાં જોઈએ. (૧) સમડી (૨) પીપળો (૩) આંબો (૪) અઘેડો (૫) આકડો (૬) અરણિ (૭) આસોપાલવ (૮) ઉમરડો (૯) ખાખરો (૧૦) દર્ભ (ધરુ).
૨૦. ગાયના છાણનાં તદ્દન સૂકાં પાંચ કિલો છાણાં (ગાયના મળે તો ઉત્તમ). અગ્નિ ખૂણામાં લાકડાનો દાંડો રોપવાનો. મીંઢળ, નાડાછડી સાથે (પરોવીને).

**નોંધ :** વધારે માણસ હોય તો લાઉડ સ્પીકરની વ્યવસ્થા કરવી.
ઈલક્ટ્રિક પંખા -૨ તથા એક્ઝોસ્ટ ફેન - ૧.

શુભ પ્રસંગે ધૂણી થાય તે ઠીક નહિ તેથી ગાયના પાંચ કિલો છાણાં, ૧૦ જાતનાં લાકડાં અને બાવળનાં લાકડાં પણ તદ્દન સૂકાં લેવાં. **નાના નાના પાતળા કટકા કરવા ખાસ જરૂરી અને તદ્દન સૂકા જોઈએ.**

• • •

॥ હરિઃૐ ॥

# વ્યવસ્થા અંગે સૂચનો

૧. આચાર્યનું આસન દક્ષિણાભિમુખ રાખવું.

૨. મુખ્ય યજમાનનું આસન પૂર્વાભિમુખ રાખવું. બાકીનાંએ આજુબાજુ બેસી જવું.

૩. આચાર્યને ચાંલ્લો કરવો.

૪. સૌથી પ્રથમ જે બેસતા હોય તેઓએ પરસ્પર ચાંલ્લો કરવો અને નાડાછડી જમણે હાથે બાંધવી.

૫. વેદી ઉપર પાન અને સોપારી મૂકી ગણપતિ સ્થાપન કરવું. તેમનું પૂજન કંકુ, ચોખા અને ફૂલ ચઢાવી કરવું.

૬. વેદીની પૂજા.

૭. છાણાં વગેરે અંદર મૂકી, સાત પેઢીનાં નામ દઈ સાત ઊભી દિવેટો મૂકવી. દરેક દિવેટ મૂકતાં પિતૃઓનાં નામ લેવાના અને બાકીના લોકોએ શ્લોક બોલવો.

૮. અગ્નિની પ્રાર્થના.

૯. પિતૃઓની પ્રાર્થના.

૧૦. વાસ્તુ યજ્ઞનો હેતુ.

૧૧. ૧૦૮ + ૧ મેરુ = ૧૦૯ આહુતિ આપવી. કોઈ માળા લઈને ગણે.

૧૨. તે પછી નારિયેળની આહુતિ આપવી. ઉપર છાણાં મૂકવાં. પછી બીજી આહુતિ ૨૧-૨૧ આપવી.

૧૩. મકાન ખુલ્લું મૂકવાની પ્રાર્થના. ઉદ્‌ઘાટનની પ્રાર્થના.

૧૪. ૐ શરણ ચરણ લેજો (આરતી).

૧૫. પછી ગોળધાણા વહેંચવા.

॥ હરિઃૐ ॥

## ગૃહપ્રવેશની પ્રાર્થના

*(અનુષ્ટુપ)*

પિતૃઓને સ્મરી પ્રેમે ભાવથી પ્રાર્થના કરી,
'કલ્યાણ પ્રેરતા રે'જો' જીવને લક્ષ્ય પ્રેરવી.

● ● ●

## અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના

*(અનુષ્ટુપ)*

અગ્નિ પ્રત્યક્ષ શક્તિ છે અગ્નિ પ્રકાશ પ્રેરતો,
અગ્નિ સર્વને શુદ્ધ કેવો પવિત્ર બનાવતો ! ૧

અગ્નિની પ્રેમજવાળાઓ પ્રગટે ઉચ્ચ ઉચ્ચ શી !
ધારણા જીવને હૈયે આપણે તેવી રાખવી. ૨

પ્રચંડ શક્તિ અગ્નિની ચેતાવવા હ્રદે પૂરી,
અગ્નિની સાધના ઉગ્ર જીવને કરવી રહી. ૩

અગ્નિ ચેતાવવા અગ્નિ શો સંપડાવવો રહ્યો,
તે જ છે સાધના જાણો અગ્નિ છે સાધના ખરી,
અગ્નિ પેટાવવા કાજે સાધના શી જરૂરની. ૪

જિજ્ઞાસારૂપ અગ્નિને ચેતાવીને ફરી ફરી,
એની પ્રચંડ જ્વાળાથી પ્રવેશવાનું કરો ચહી. ૫

અગ્નિ તેથી જ ચેતાવી જીવને પ્રતિષ્ઠા થવા,
આજે હું અગ્નિને ભાવે પ્રગટાવું સૌ સમક્ષમાં. ૬

● ● ●

॥ હરિઃૐ ॥

## આહુતિ મંત્ર

*(અનુષ્ટુપ)*

સૌ અનિષ્ટથી મુક્તિ થવા કાજે હૃદે ઊંડી,
પ્રાર્થના કરી આહુતિ આપીએ હરિને સ્મરી. ૧

## પૂર્ણાહુતિ મંત્ર

યજ્ઞ પૂર્ણાહુતિ અંતે શાંતિ કલ્યાણ ઝંખવા,
ભાવે આહુતિ અર્પું જે તને યાચું સ્વીકારવા. ૨

(પૂર્ણાહુતિ મંત્ર ૨૧ વખત બોલાવીને નારિયેળ હોમવાનું અને તે પછી નીચેની પ્રાર્થના કરવી.)

## કુટુંબની નિત્ય પ્રાર્થના

(મકાનનું વાસ્તુ કરવાનું હોય તે પ્રસંગે તેમ જ ગૃહપ્રવેશ સમયે પણ આ જ પ્રાર્થના કરવામાં આવે છે. કરાંચીમાં સને ૧૯૩૮માં ગૃહપ્રવેશ પ્રસંગે પૂજ્ય શ્રીમોટાને આ પ્રાર્થના સ્ફુરેલી.)

પ્રભો સર્વજ્ઞાતા ! પ્રભો સર્વદાતા !
પ્રભુ વિશ્વકર્મા! વળી વિશ્વભર્તા !
પ્રભુ ! આપ છો સર્વ શક્તિપ્રદાતા,
વસો વાસ એવા અમારા ગૃહે આ. ૧

કરી મંથનો કૈંક સ્વપ્નાં રચીને,
ઘડી ઘાટ આદર્શ મનમાં ધરીને,
અમે ખૂબ ઉત્સાહથી જે કરાવ્યું,
કૃપા કૈં કરીને પ્રવેશો પ્રભુ! ત્યાં. ૨

પ્રભુ ! તુજ ભાવો બધા ત્યાં પ્રસારો,
વસો કલ્પના સર્વ તારી પ્રભુ ત્યાં,
પ્રસાર્યા કરી તુજ આંદોલનો ત્યાં,
કરો ભાગ્યશાળી અમોને હંમેશાં. ૩

અમારા ગૃહે પ્રેમની જ્યોત તારી,
સદાયે પ્રકાશી રહો તાત! સારી,
ખૂણાયે ખૂણા સૌ પ્રભુ પ્રજ્વળી ર્હો,
બધો અંધકાર વસી ત્યાં ફિટાવો. ૪

અમારા ગૃહે સંપ ને જંપ બાપુ !
ભર્યાં સુખશાંતિ સદાયે ઠરી ર્હો,
બધાંને જ આનંદની ચિનગારી,
અમારા ગૃહેથી કૃપાથી અપાવો. ૫

ભલે પાપીમાં પાપી હોયે પતિત,
પ્રવેશે ગૃહે જો બને તે પવિત્ર,
નઠારું બધું એનું સૌ દૂર થાઓ,
અમારું પ્રભુ ! ગૃહ એવું બનાવો. ૬

બની આ રહો ચેતના શક્તિધામ,
વળી તે બનો ભાવનું ભક્તિઠામ,
દયા ને કરુણા વસો ત્યાં સદાયે,
પ્રભુના જનોનું બનો ઠામ પ્રેમે. ૭

કશી આધિ, વ્યાધિ અને કૈં ઉપાધિ,
કદીયે રહો ના અમારા ગૃહે આ,
સદા મસ્ત આનંદની ઊર્મિકેરા,
વહાયા કરાજો પ્રવાહે પ્રભુના. ૮

સગાં ને સંબંધી સહુ સ્નેહીઓનું,
બનીને રહો ઠામ આ પ્રેમકેરું,
રહે આશ્રયે જેહ એનાં, થજો તે,
ઉમંગી સુખી, એ પ્રભુની દુઆથી. ૯

અહીં ના કદી ક્લેશ કંકાસ જાગો,
અહીં ના કદી દુઃખ સંતાપ જાગો,
પ્રભુની કૃપાથી અમારા ગૃહે આ,
સુયોગો સુમેળો બધાંના સધાજો. ૧૦

ઉજાળ્યાં કરો કિરણો તેજ તારાં,
પ્રવેશ્યા કરો દેવદૂતો તમારા,
ખીલ્યાં ત્યાં કરો ફૂલડાં દિવ્ય તારાં,
વિતાવ્યા કરાવો પ્રભુ દિન સારા. ૧૧

નવા આ નિવાસે પ્રભુજી અમોને,
સદા પ્રેમ ને નેમ તું સારી દેજે,
પ્રભુ, વાળીને ઝૂડીને ગૃહ તારું,
રખાવ્યા કરી સાફ, રે'જો ઠરીને. ૧૨

નવા આ નિવાસે પ્રભુની દયાથી,
ખરું, સુતરું, સર્વ સારું બન્યા રહો,
વિચારો અમારા સદા ઊર્ધ્વગામી,
શિરોગામી સૌ રહો પ્રભુની કૃપાથી. ૧૩

અમારી પ્રભુ ! દીર્ઘ દૃષ્ટિ બનાવી,
અમોને સદા ધૈર્ય ને શાંતિ આપી,
નવા આ નિવાસે અમોને ઠરાવી,
તને નિત્ય રાજી કરાજો અમોથી. ૧૪

॥ હરિઃૐ ॥

# ૐ શરણચરણ લેજો

*(આરતી)*

(પૂજ્ય શ્રીમોટા રચિત નીચેની આરતી દ્વારા જીવનમાં કેવા ગુણ અને ભાવ ધરવાના છે, તે વિશેની સમજૂતી છે. પ્રભુને જે પ્રકારની પ્રાર્થના કરીએ છીએ, તે પ્રમાણે જીવનવહેવારમાં વર્તવા માટેની સભાનતા ટકેલી રહે એવી આ આર્ત અને આર્દ્રભાવથી કરવાની પ્રાર્થના છે.)

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.
મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.
સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.
નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.
મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.
જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.
દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.
જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.
મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

॥ હરિઃૐ ॥

## ખંડ : ૩

# યજ્ઞોપવીત

- યજ્ઞોપવીતની મંગલવિધિ
- વેદીમાં અગ્નિ પ્રગટાવતી વેળાની પ્રાર્થના
- આહુતિ મંત્ર
- માતાપિતાનું બટુકને ઉદ્‌બોધન
- બટુકની પ્રતિજ્ઞા
- બટુકને ઉદ્‌બોધન
- બાળકને નિશાળે બેસાડવા માટે
- અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના
- આહુતિ મંત્ર
- શિક્ષણભાવ સંસ્કારવિધિ

॥ હરિઃૐ ॥

# યજ્ઞોપવીતની મંગલવિધિ

## સૂચના

**સામગ્રી :** લગ્ન પ્રસંગે હોય છે તેવી મીંઢળ સિવાયની બધી જ. આ ઉપરાંત એક જનોઈ જોટો, એક ડંડ તથા પહેરવા અને ઓઢવા માટે કોરા કાપડના કકડા, ડંડની ઉપર પોટલી બાંધવી તેમાં મૂકવા માટે એક પુસ્તક અને ઘઉંની કુલેરનો લાડુ.

બટુકે મુંડન કરાવવું, વાળની એક લટ ઘરના મોભે બાંધવી.

## અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના

*(અનુષ્ટુપ)*

અગ્નિ પ્રત્યક્ષ શક્તિ છે અગ્નિ પ્રકાશ પ્રેરતો,<br>
અગ્નિ સર્વને શુદ્ધ કેવો પવિત્ર બનાવતો ! ૧<br>
અગ્નિની પ્રેમજ્વાળાઓ પ્રગટે ઉચ્ચ ઉચ્ચ શી !<br>
ધારણા જીવને હૈયે આપણે તેવી રાખવી. ૨<br>
પ્રચંડ શક્તિ અગ્નિની ચેતાવવા હૃદે પૂરી,<br>
અગ્નિની સાધના ઉગ્ર જીવને કરવી રહી. ૩<br>
અગ્નિ ચેતાવવા અગ્નિ શો સંપડાવવો રહ્યો,<br>
તે જ છે સાધના જાણો અગ્નિ છે સાધના ખરી,<br>
અગ્નિ પેટાવવા કાજે સાધના શી જરૂરની. ૪<br>
જિજ્ઞાસારૂપ અગ્નિને ચેતાવીને ફરી ફરી,<br>
એની પ્રચંડ જ્વાળાથી પ્રવેશવાનું કરો ચહી. ૫<br>
અગ્નિ તેથી જ ચેતાવી જીવને પ્રતિષ્ઠા થવા,<br>
આજે હું અગ્નિને ભાવે પ્રગટાવું સૌ સમક્ષમાં. ૬

॥ હરિઃૐ ॥

## આહુતિ મંત્ર

દિલ પ્રાર્થીએ મન, બુદ્ધિ ને ચિત્ત પ્રાણની શુદ્ધિ થજો,
એ હેતુથી આ આહુતિ અર્પીએ દિલ ઠારજો.

## માતાપિતાનું બટુકને ઉદ્‌બોધન

(અનુષ્ટુપ)

ઉછેરીને કર્યા મોટા હવે નવા પથે જવા,
તમોને મૂકીએ છૂટા આરંભવા નવી કળા. ૧

વિદ્યાને શીખવા કાજે યોગ્ય તાલીમ પામવા,
આજે તમે પ્રવેશો છો વિદ્યાના ગુરુમાર્ગમાં. ૨

તૈયાર જાગતો ના જે તેને ના મળતું ખરું,
થવા જીવનમાં તેવું મંડાયું પર્વ આ રૂડું. ૩

ઉદ્યમી નિત્ય ખંતીલા લીધેલું કરવા પૂરું,
રહેજો દિલ ચેતેલા પરોવી લક્ષને ઊંડું. ૪

કર્મ તો નાનું મોટું ના, કિંતુ જે કર્મને વિશે,
હૈયે જેવો ઊંડો ભાવ ધરે, મહત્ત્વનું ખરે. ૫

વિઘ્ન, મુશ્કેલી, ઉપાધિ પથે એ તો મળ્યા કરે,
તે કાળે બેવડી હામ ધારીને ચાલજો પથે. ૬

જવું હારી કશાથી ના, જે તે જીતી જ ચાલજો,
સૌ સાથે મેળ સાધીને એકાગ્ર દિલમાં થજો. ૭

વૃત્તિને આડીતેડી ના થવા દેજો કદી તમે,
નાસિકાગ્રે ધરી લક્ષ જોજો ને ધારજો પથે. ૮

ઉપાડ્યું કર્મ તે સાથે સ્પૃહા કેળવજો ઊંડી,
ધરીને લક્ષ પોતામાં વિદ્યાને પામજો રૂડી. ૯

દિલમાં અભિલાષા તો ઊંચામાં ઊંચી રાખીને,
સાકાર કરવાને તે માંડજો પગલાં તમે. ૧૦

'પોતાનો શત્રુ તો પોતે પોતાનો મિત્ર આપ છે',
એમ જાણી તમે પંથે મંડજો દૃઢ નિશ્ચયે. ૧૧

'જાગે છે તે જ જીવે છે' સૂત્ર તે રાખી જીવતું,
જીવશો, પામશો તો તો સત્ય નિત્ય નવું નવું. ૧૨

## બટુકની પ્રતિજ્ઞા

(અનુષ્ટુપ)

અગ્નિને સાક્ષી રાખીને જીવનવ્રત ધારીએ,
પાર ઉતારવા એને મંડીશું પ્રેમથી અમે. ૧

મળેલું કર્મ અભ્યાસ, તેને ઉવેખીને બીજે,
જવા દઈશું ના લક્ષ આડુંતેડું કશે પથે. ૨

જીવન છેદનારા જે દુર્ગુણો જાણી જાણીને,
નિર્મૂળ કરવા તેને મંડ્યા રહીશું જાગીને. ૩

નિશ્ચય, બળ, ઉદ્યોગ, ખંત, ઉત્સાહ, ધારણા,
કેળવી કેળવી ગુણો પામીશું આત્મપ્રેરણા. ૪

સમર્પણ, બલિદાન, ત્યાગયજ્ઞ પરંપરા,
પામીશું પ્રગટાવીને જીવને તે ઋતંભરા. ૫

હોમાઈ જઈને પૂરા સ્વાત્માર્પણ કરી દઈ,
કરવા ધ્યેય સાકાર અમે મથીશું ખંતથી. ૬

યજ્ઞોપવીત ધારણ કરાવવી અને સાથે જમણા ખભા પર ડંડ, પુસ્તક અને ઘઉંનો લાડુ પોટલીમાં મૂકી, બાંધી મુકાવવો.

• • •

## બટુકને ઉદ્‌બોધન

(અનુષ્ટુપ)

શિશુજીવનને અંતે તબક્કો જે બીજો ઊગે,
અભ્યાસકાળને માટે ખરો જીવનકાળ તે. ૧

યજ્ઞોપવીતનું કેવું મહત્ત્વ જીવને ઊંડું !
સૂતર તાંતણા તે ના, એ તો પ્રતીક તત્ત્વનું. ૨

ત્રાણનાં જોડલાંથી આ સંકળાયેલ વિશ્વ છે,
પ્રેરાવા ભાન તેનું ને થવા મુક્ત બધાથી તે. ૩

જન્મવું, જીવવું, મૃત્યુ એવો જે કર્મ નિત્યનો,
એવા જીવનમાંથી તે ચેતવા વિધિ આ ખરો. ૪

માતાપિતાથી જન્મીને, પોતે માતાપિતા થવું,
જડ-શી પ્રેરણાથી તો છૂટવા આ પ્રવેશવું. ૫

સૂર્ય પ્રકાશ પ્રેરીને વિશ્વને અજવાળતો,
તે રીતે બુદ્ધિને શુદ્ધ, સૂક્ષ્મ, તેજ પ્રભુ કરો. ૬

સારા બ્રહ્માંડમાં વ્યાપી આલોકિત બધું કરે,
વરવા યોગ્ય જે હોય હૈયે તેને સુઝાડજે. ૭

'આપે પ્રકાશ, તે જ્ઞાન' તેને મેળવવા અમે
માંડીએ પગલાં આજે ઉમંગે કરીને પથે. ૮

યજ્ઞોપવીત તો જાણો સંજ્ઞાવાચક સૂત્ર તે,
સદા ચેતવવાકેરો પવિત્ર યજ્ઞ શો પથે! ૯

ખંત, ઉમંગ, ઉત્સાહ, શૌર્ય, બળ, પરાક્રમ,
ગુણો કેળવવાનો આ અભ્યાસકાળનો ક્રમ. ૧૦

સાચું જીવન ભાથું મેળવવાતણો વિધિ,
યજ્ઞોપવીતને જાણો, લક્ષ છે જ્ઞાનનો નિધિ. ૧૧

શાંતિ, એકાંત, એકાગ્ર વાતાવરણ ભાવનું,
પ્રેરાવી દિલમાં ઊંડું સૂત્ર આ મથવાતણું. ૧૨

આરંભાયેલ આ યજ્ઞ તેજસ્વી જ થવાતણો,
તેજસ્વી તો થયા વિના સાચી વિદ્યા ન સાંપડે. ૧૩

થવાય મુક્ત જેનાથી તે વિદ્યા સત્ય જાણવી,
તે વિદ્યા શીખવા કાજે માંડીએ પગલાં અહીં. ૧૪

આદરભાવથી યુક્ત નમ્રતા પ્રગટ્યા વિના,
વિદ્યા ના પાંગરે હૈયે આજે તે શીખવા ઊભા. ૧૫

ડંડ જે હાથમાં લીધો સંસારે તે જરૂરનો,
પામવા જ્ઞાનનો ડંડ, દંડ આ તો પ્રતીક શો ! ૧૬

• • •

॥ હરિઃૐ ॥

# બાળકને નિશાળે બેસાડવા માટે

સામાન્યતઃ યજ્ઞોપવીત આપ્યા પછી આ વિધિ કરવાની હોય છે, પણ જો યજ્ઞોપવીત દેવામાં ન આવે તો સ્વતંત્રપણે પણ આ વિધિ કરી શકાય.

## અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના

*(અનુષ્ટુપ)*

અગ્નિ પ્રત્યક્ષ શક્તિ છે અગ્નિ પ્રકાશ પ્રેરતો,
અગ્નિ સર્વને શુદ્ધ કેવો પવિત્ર બનાવતો ! ૧
અગ્નિની પ્રેમજ્વાળાઓ પ્રગટે ઉચ્ચ ઉચ્ચ શી !
ધારણા જીવને હૈયે આપણે તેવી રાખવી. ૨
પ્રચંડ શક્તિ અગ્નિની ચેતાવવા હૃદે પૂરી,
અગ્નિની સાધના ઉગ્ર જીવને કરવી રહી. ૩
અગ્નિ ચેતાવવા અગ્નિ શો સંપડાવવો રહ્યો,
તે જ છે સાધના જાણો અગ્નિ છે સાધના ખરી,
અગ્નિ પેટાવવા કાજે સાધના શી જરૂરની. ૪
જિજ્ઞાસારૂપ અગ્નિને ચેતાવીને ફરી ફરી,
એની પ્રચંડ જ્વાળાથી પ્રવેશવાનું કરો ચહી. ૫
અગ્નિ તેથી જ ચેતાવી જીવને પ્રતિષ્ઠા થવા,
આજે હું અગ્નિને ભાવે પ્રગટાવું સૌ સમક્ષમાં. ૬

## આહુતિ મંત્ર

દિલ પ્રાર્થીએ મન, બુદ્ધિ ને ચિત્ત પ્રાણની શુદ્ધિ થજો,
એ હેતુથી આ આહુતિ અર્પીએ દિલ ઠારજો.

(સુવર્ણ, ચંદન, ચોખા તાળવા પર ચોટલીની જગાએ મૂકવાં.)

॥ હરિઃૐ ॥

# શિક્ષણભાવ સંસ્કારવિધિ

(અનુષ્ટુપ)

ગુણ ને ભાવ શક્તિનું મૂળ સંસ્કૃતિમાં રહ્યું,
સંસ્કૃતિની વડે કેવું ઘડાયા સર્વ કો જતું. ૧
વ્યક્તિની પર સંસ્કાર આધાર રાખતો નથી,
એના આધારનો વ્યાપ સમાજ કેંદ્ર બિંદુ છે. ૨
શિશુ સંસ્કાર પામે છે એને જે પોષનાર છે,
એને જે કો રમાડે છે ને જન્મ આપનાર છે. ૩
સંસ્કાર આપવાનું જે કર્મયજ્ઞ મહાન છે,
કિંતુ એની મહત્તાનું કોઈને ભાન કૈં ન છે. ૪
અનુશીલન શિશુ તે ને કેવું પરિશીલન–
અન્ય પાસે જુદું જુદું શીખે તે પામી શિક્ષણ. ૫
યોગ્ય શીખવવા કાજે ને યોગ્ય ઘડવા હ્રદે,
એવી સભાનતા પૂર્ણ જેને, તે જ ઘડી શકે. ૬
ભવ્ય ને રમ્ય તે દિવ્ય સંસ્કાર પાડવા ચહો,
શિશુની આગળે પ્રેમે વર્તો પ્રત્યક્ષ તેવું તો. ૭
અનુકરણ સૌ વાતે શિશુ કેવું જુઓ કરે,
જેવું તે દેખશે પોતે તેવું તે વર્તશે જગે. ૮
શિશુને ગર્ભ પોતાના સંસ્કારનો મળેલ છે,
કિંતુ સક્રિય તે થાય મળ્યા સંસ્કારથી જગે. ૯
તેથી સંસ્કાર જેવા તે પાડવા ઇચ્છીએ હ્રદે,
તેવા સંસ્કારનું આપો વાતાવરણ શિશુને. ૧૦

જેમાં તેમાં શિશુને તો આપો હુકમ ના કશા,
જેમાં તેમાં કરો ટોક્યાં નકામાં તે કદીય ના. ૧૧

કેવી સંગ્રહતા તીવ્ર શિશુની તે પ્રચંડ છે,
જે તે સર્વ ગ્રહી લે છે અણધારેલું આપણે. ૧૨

આપણામાંથી શીખે છે કેટલુંય અયોગ્ય તે,
ના ગતાગમ છે એની આપણને કશીય તે. ૧૩

'આપણું બાળ સૌ રીતે સર્વશ્રેષ્ઠ બને જગે'
એવું સૌ ઇચ્છતા છીએ કિંતુ ના તેમ વર્તીએ. ૧૪

બાળ તો ચૂસી લે કેવું જે સૌ આગળ પાછળ,
આપણે તેમ જાણીને વર્તવું તેવું યોગ્ય જ. ૧૫

બાળને ઘડવાકેરી શિક્ષાની કૈં સભાનતા,
પ્રત્યક્ષ પ્રકટાવે જે જીવને લ્હાણ પામતા. ૧૬

શિશુ એ તો પ્રસાદી છે પ્રભુના પ્રેમભાવની,
એને બગાડવા કો'ને અધિકાર કશો નથી. ૧૭

કિંતુ સૌ માનવી કેવા ફુલાવી શિશુને અહા !
ખોટાં લાડ લડાવીને કેવાં રાજી થતા મહા ! ૧૮

સમસ્ત રાષ્ટ્રનું ભાવિ આપણા હાથમાં જ છે,
જેવાં શિશુ થશે તેવું રાષ્ટ્ર પોતે જ તે થશે ! ૧૯

આખા જીવનનો પાયો શિશુ જીવન જાણવું,
સમગ્રે કેવી સંભાળ કેટલી લેવી યોગ્ય શું ! ૨૦

કેટલું કેટલું યોગ્ય મહત્ત્વ આપવું ઘટે,
જેમાં તેમાં શિશુને તો, તો જ વિકાસ થાય છે. ૨૧

જેવા સૌ ગુણવાળું તે થાય, જો એમ ચાહતા,
વર્તાવવા ગુણોથી તે શિશુને તો કરો મથ્યા. ૨૨

બાળ તો જીવને કેવી આપણી જ પ્રતિકૃતિ !
જીવને આપણે છીએ તે ધારણાની મૂર્તિ શી ! ૨૩

કરવા જેવું ઈચ્છો છો, બાળને જીવને તમે,
જીવી પ્રત્યક્ષ તે રીતે દો બોધપાઠ જીવને. ૨૪

શાહીચૂસ ચૂસે જેવું તેમ બાળક ચૂસતું,
કિંતુ ના ભાન કોઈને એવા પ્રકારનું કશું. ૨૫

જેવું વર્તન પ્રત્યક્ષ જુએ બાળક જીવને,
તેવા સંસ્કાર તેનામાં આપમેળ પડ્યા કરે. ૨૬

બાળનું તો કહ્યું સર્વ પ્રેમથી કરવું ઘટે,
અયોગ્ય લાગતું છો હો કિંતુ તેને ન તેવું છે. ૨૭

ચાહ્યા એને કરો ભાવે આપ્યા ભાવ કરો હૃદે,
સદ્ભાવ પ્રેમના ભાવે આપતાં શાં ઘડાય તે ! ૨૮

જેણે જીવન બક્ષ્યું છે એનો જે કિરતાર છે,
તેવા જીવનસંસ્કાર શિશુને પડવા ઘટે. ૨૯

તે કાજે પ્રભુને ભાવે અંતરે ભક્તિભાવથી,
સ્તવી તેવું કરો ઊભું વાતાવરણ આપથી. ૩૦

'શિશુ ઘડવું છે કેવું !' એનું પ્રત્યક્ષ ભાન તે,
જન્માવે જીવને, તેવા એકલા શિશુ તે ઘડે. ૩૧

'શિશુ પ્રત્યક્ષ છે દેવ' એવો ભાવ હૃદે ધરી,
રમાડો બાળને પ્રેમે સંસ્કાર અર્પવા ચહી. ૩૨

• • •

॥ હરિઃૐ ॥

## ખંડ : ૪

# વિવાહવિધિ

- **ચાંલ્લાવિધિ પ્રાર્થના**

॥ હરિ:ૐ ॥

# વિવાહવિધિ - ચાંલ્લાવિધિ પ્રાર્થના

(અનુષ્ટુપ)

આજે જુદા તબક્કામાં પ્રવેશો છો જ જીવને,
પ્રથમ વિધિ તે અંગે, કૃપાથી આજ થાય છે. ૧

જીવનમાં થવા એક, ગૃહસ્થાશ્રમી ભૂમિકા,
રચવાને રૂડી રીતે આજે મંડાણ થાય શાં ! ૨

હાજરીમાં વડીલોની શુભેચ્છાથી બધાંયની,
માંગલ્ય અર્થ ભાવેથી વિવાહવિધિ થાય છે. ૩

બંને આજથી સંસારે એકમેક થવા હૃદે,
મોકળાશેથી સંસારે પ્રવેશો હળવાપણે. ૪

પરસ્પરથી હૈયાથી પરસ્પરની સાથ તે,
મળવા, ભળવાકેરી સ્થિતિ સાંપડતી જ છે. ૫

બંને એકબીજાંકેરા સ્વભાવ જાણી, પ્રીછીને
સહાનુભૂતિ બંનેએ પ્રેમે કેળવવાની છે. ૬

બંનેએ એકબીજાંનો જે સમુચ્ચય ગુણનો
ઓળખી, પારખી લેવા પ્રસંગ આજ છે રૂડો. ૭

લગ્ન થતાં પહેલાં તો, એકબીજાંની ભાવના
પૂરી સમજી લેવાને શુભ પ્રસંગ આજ છે. ૮

શા કાજે બેઉ સંસારે આજે ભેગાં મળેલ છે,
પ્રીછવા હેતુ તે અર્થે શુભ પ્રસંગ આજ છે. ૯

બંને કુટુંબની પ્રત્યે હૈયે સદ્‌ભાવ ભાવના,
થવા જીવતી ભાવેથી શુભ પ્રસંગ આજ છે. ૧૦

પ્રથમ પગલું આજે સંસ્કૃતિને ટકાવવા,
શરૂઆત થવા અર્થે શુભ પ્રસંગ આજ છે. ૧૧

કૃતનિશ્ચય સંપૂર્ણ થવા સુખી થજો હૃદે,
સુખી, દુઃખી થવું એ તો આપણે હાથ વાત છે. ૧૨

સુમેળ સાધવા હૈયે ભેદબુદ્ધિ ત્યજી દઈ,
પરસ્પર થવા સુખી ત્યાગ તો કરતાં શીખો. ૧૩

એકબીજાંતણા સુખે એકબીજાંતણા દુઃખે,
સહભાગી થજો બંને, તો તો નિશ્ચય સુખ છે. ૧૪

ઉભય દિલમાં એક થવા ભાવ સ્ફુરાવજો
તે કાજે આજનો રૂડો, આ પ્રસંગ મળેલ છે. ૧૫

હૈયાથી વડીલોના આશીર્વાદ રૂડા હજો,
પ્રાર્થના એવી ભાવેથી હરિપદે ધરું અહો ! ૧૬

• • •

॥ હરિઃૐ ॥

## ખંડ : ૫

# માંડવામુહૂર્ત અને ગ્રહશાંતિ

- માંડવા મુહૂર્ત
- અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના
- આહુતિ મંત્ર
- યજ્ઞપૂર્ણાહુતિ મંત્ર

**: ગ્રહશાંતિ :**

**સૂચના :**

૧. થાંભલી રોપવાની વિધિ પૂરી થાય પછી માંડવા મુહૂર્તની પ્રાર્થના કરાવવી.

૨. અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના કરાવીને યજ્ઞકુંડમાં અગ્નિ પ્રગટાવવો.

૩. આહુતિ મંત્રો ૧૦૮ + ૧ = ૧૦૯ વખત બોલાવીને આહુતિ આપવી.

૪. પૂર્ણાહુતિ મંત્ર ૨૧ વખત.

૫. ગ્રહશાંતિની પ્રાર્થના.

॥ હરિઃૐ ॥

## માંડવા મુહૂર્ત

*(અનુષ્ટુપ)*

થાંભલી જેમ રોપી છે ભૂમિમાં જે ઊંડી રીતે,
જીવનભાવ તે રીતે રોપાજો સર્વના હૃદે. ૧

અમારો સંપ, સુમેળ સહકાર બધી રીતે,
બધાં સંબંધી સંગાથે રહેજો જીવતો હૃદે. ૨

સર્વ સગાં સંબંધીઓ સાથેનો વ્યવહાર તે-
અમારાથી ચલાવાજો પ્રેમથી ને રૂડી રીતે. ૩

ઘસાવાનું કદી આવે એવા પ્રસંગ સાંપડે,
ખરા ભાવે ઘસાવાજો ખંચકાયા વિના જગે. ૪

અન્યાય થાય સંસારે કદીક અમને જગે,
ન્યાય તે તે બધાં સાથે અમારાથી થજો ખરે. ૫

અમારાથી બધાંનાયે અવાજો ઉપયોગમાં,
ખપમાં આવીએ એવું વર્તાજો વ્યવહારમાં. ૬

ઉદ્વેગ ના અમારાથી કોઈ પર થજો કદી,
અણગમો રખાજો ના કોઈ પરે અમો થકી. ૭

યોગ્ય ચલાવવા કાજે વ્યવહાર રૂડી રીતે,
દેવા દૃષ્ટાંત તેનું આ માંડવાનું મુહૂર્ત છે. ૮

• • •

॥ હરિઃૐ ॥

## આહુતિ મંત્ર

*(અનુષ્ટુપ)*

ઉલ્લાસ સુખ, શાંતિ ને આનંદ પ્રગટાવવા,
ભાવથી દિલ પ્રાર્થીને આહુતિ અર્પીએ હવાં.

## યજ્ઞપૂર્ણાહુતિ મંત્ર

યજ્ઞ પૂર્ણાહુતિ અંતે, હૈયાના ભાવથી કરી,
કરીએ પ્રાર્થના ભાવે, નિષ્ઠા રખાવજો ખરી.

(આ પછી નારિયેળ હોમવાનું, એ પછી ગ્રહશાંતિની પ્રાર્થના કરવી.)

## ગ્રહશાંતિ (લગ્નની)

*(અનુષ્ટુપ)*

આજે પ્રસંગ આવ્યો છે મ્હાલવા રૂડો,
હૈયે ઉમળકો ઊંચે ફુવારા જેમ ઊડજો. ૧

એવાં હૈયાંતણો ભાવ થવા કાજે બધાંયમાં
શાંતિ, આનંદ, ઉલ્લાસ હોવાં ઘટે પૂરેપૂરાં. ૨

ક્યાંય વિચ્છેદ ના થાય ક્યાંય અશાંતિ ના ઊગે,
એવી અગમચેતી તે રખાજો અમથી હૃદે. ૩

કોઈનાં મન તે ઊંચાં ભૂલેચૂકે કદી રખે,
અમારાથી બનો ના, ને થજો પ્રસન્ન સર્વયે. ૪

સુખ શાંતિ બધાંનીયે સચવાજો પૂરી રીતે,
બધાંનાં મન ભાવેથી સચવાજો અમો થકે. ૫

રાજી રાજી પ્રસંગે આ રખાજો સર્વને ચહી,
સગાં સંબંધીનો હોજો સત્કાર આવકારથી. ૬

રૂડા પ્રસંગમાં આજે મળેલાં સર્વ સાથનું,
વાતાવરણ ઉષ્માનું ભાવથી હો ભીનું ભીનું. ૭

ભાવના તાંતણે ભવ્ય રમ્ય ને સખ્ય જીવને,
થવા પ્રસંગે શો एक તેને વધાવજો હૃદે. ૮

શાંત પ્રસન્ન તો હૈયાં રહેજો સર્વમાં ગૃહે,
પડે પ્રસંગમાં તો જ મઝા શી સર્વને હૃદે. ૯

સન્માન સર્વને દેવા હજો ઉમળકો હૃદે,
યોગ્ય તે ભાન પ્રેરાવા આ ગ્રહશાંતિ યજ્ઞ છે. ૧૦

ગ્રહશાંતિ અનિવાર્ય એટલા કાજ નિશ્ચયે,
સર્વ સંબંધીઓને તો વર્તવા તેમ પ્રાર્થીએ. ૧૧

• • •

॥ હરિઃૐ ॥

## ખંડ : ૬

# લગ્નવિધિ

- સાધન સામગ્રી અને સૂચનાઓ
- લગ્નવિધિ અંગે પૂ. શ્રીમોટા
- અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના
- કન્યાનાં માતાપિતાનું ઉદ્‌બોધન
- લગ્નભાવના
- જીવનવ્રત
- સપ્તપદી
- મંગલભાવના-૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭
- ૐ શરણચરણ લેજો (આરતી)

૧. વેદી અંદરથી નેટ ઈંચ ૧૬ x ૧૬ x ૧૩ ઊંડી, ઈંટો ધોળાવીને વાપરવી.
૨. સગડી, સૂકા કોલસા અઢી કિલો.
૩. કપૂર ગોટીઓ નંગ ૧૨.
૪. મીંઢળ-૪ નાડાછડી સાથે પરોવેલાં.
૫. ગરમ કરેલું, બને ત્યાં સુધી ગાયનું ઘી ૩૦૦ ગ્રામ, દીવાસળી પેટી નંગ ૧, વીંજણો દેશી નંગ ૧.
૬. તલ સફેદ ૧૦૦ ગ્રામ, જવ ૧૦૦ ગ્રામ.
૭. નારિયેળ સૂકું - છોડાંવાળું પણ અંદર પાણીવાળું.
૮. ચોખા, કંકુ પલાળેલું, નાડાછડી, મીંઢળ-૨, પાન-૧૦, સોપારી-૧૦, થોડું ઘસેલું ચંદન, માળા ૧૦૯ મણકાવાળી મેરુ સહિતની, થોડાંક ફૂલ.
૯. ગોળધાણા, આસનિયાં-૪, પાટલા ઉપર મૂકવા માટે તથા પાટલા નંગ-૪.
૧૦. ચમચો, વાટકી મોટી, થાળી યા એક મોટો ટાટ.
૧૧. નૅપ્કિનો-૨, પાણી ભરેલો લોટો.
૧૨. લગ્ન સપ્તપદી પ્રાર્થના.
- મંગલભાવના.
- અગ્નિ પેટાવવાની પ્રાર્થના.
- માતાપિતાનું ઉદ્‌બોધન.
- જીવનવ્રત પ્રાર્થના.
૧૩. બે નંગ ફૂલના હાર, વરકન્યા માટે.
૧૪. વરકન્યા પૂર્વાભિમુખ.
આચાર્ય દક્ષિણાભિમુખ.
કન્યાનાં માતાપિતા પશ્ચિમાભિમુખ.
વરનાં માતાપિતા ઉત્તરાભિમુખ.
(આરંભમાં આચાર્યનું પૂજન, અર્ચન, દીપક અને વંદન)

॥ હરિ:ૐ ॥

# લગ્નવિધિ અંગે પૂજ્ય શ્રીમોટા

(લગ્નવિધિના પ્રારંભમાં પૂજ્ય શ્રીમોટાએ અંગત રીતે અગ્નિ, કંકુ, ચોખા અને નાડું વગેરેનાં પ્રતીકો સમજાવ્યાં છે. ત્યાર પછી લગ્નવિધિ થતાં થતાં વચ્ચે લગ્ન શું છે, લગ્નની ભાવના, સપ્તપદી, મંગળફેરા વિશે સમજૂતી આપી છે. ક્યારેક શ્લોકોના અર્થો વધારે સ્પષ્ટ કર્યા છે.)

...પહેલાં વેદી છે. વેદીને ચારબાજુ અને ચાર ખૂણા છે. તે ચાર દિશાના ચાર ખૂણા સૂચવે છે. તેની બહાર દેખાતાં પગથિયાં ત્રિગુણાત્મક પ્રકૃતિનાં સૂચક છે અને વેદીની ઊંડાઈ એ જીવનની ગૂઢતા અને ગહનતા દર્શાવે છે. એમાં પ્રગટાવેલો અગ્નિ એ જ્ઞાન (પ્રકાશ) અને ગરમી (શક્તિ)નો દ્યોતક છે. એ પ્રગટ દેવ છે. જ્ઞાન અને શક્તિ વિનાનું જીવન એ જીવન નથી. તેની ઉપર ચારેબાજુ એક એક પાન અને તે ઉપર એક એક સોપારી મૂકેલી છે. તે ગણપતિનું પ્રતીક છે. પછી એમાં અગ્નિ હોય છે. તે અગ્નિની એટલી બધી શી જરૂર ? અગ્નિ સર્વત્ર ફેલાયેલો છે. આકાશમાં આકાશ સાથે છે, તેમાં સૂક્ષ્મરૂપે અગ્નિ છે. તેજમાં તો અગ્નિ છે જ, અગ્નિસ્વરૂપ જ છે, વામાં પણ અગ્નિ છે, જળમાં પણ અગ્નિ છે, પૃથ્વીમાં પણ અગ્નિ છે, આપણા શરીરમાં પણ અગ્નિ છે. આપણા લોકોએ એટલે કે અસલના લોકોએ જોયું કે અગ્નિ બહુ ઉપયોગી છે. અગ્નિ વિના માણસ ક્ષણવાર પણ જીવી શકે નહિ. માટે તે પરમેશ્વર છે, દેવ છે, શક્તિ છે.

...અગ્નિ એ શક્તિ છે. તેને ચેતતો રાખવો જોઈએ, પણ ચેતતો રાખવા માટે તેને આહુતિ આપવી જોઈએ. આહુતિ

આપીએ તો જ ચેતતો રહે. તમે તેને શેની આહુતિ આપશો ? કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ, અહં આદિની આહુતિ આપશો, તો આપણા જીવનમાં તે અગ્નિ ચેતતો, શુદ્ધપણે ચેતતો રહે. અગ્નિની જીવનમાં ઘણી આવશ્યકતા છે. રોમેરોમમાં અગ્નિ છે. આપણા શરીરમાં એ અગ્નિ શુદ્ધ ચેતનવંતો રહે માટે એને કામક્રોધાદિક, લોભમોહાદિક, રાગદ્વેષાદિક, અહમ્ આદિની આહુતિ આપ્યા કરશો. એટલા માટે આપણી સંસ્કૃતિમાં દરેક વિધિમાં અગ્નિને મહત્ત્વ આપેલું છે. તલ, જવ અને ઘઉં એનાં પ્રતીક છે.

...હવે કંકુનો ચાંલ્લો. ચૂનો અને હળદરથી કંકુ બને છે. ચૂનાના ગુણધર્મ જાણીતા છે. એ દઝાડે એટલો તેજ છે. એટલો જ દાઝેલાને શાતા આપનાર છે. હાડકાંને મજબૂત કરી શકે છે. હળદર લોહીને શુદ્ધ કરવાનું કામ કરે છે. આ બંનેના મિશ્રણથી કંકુ થાય છે. કંકુ ત્યાગનું સૂચક છે અને લાલ રંગનું છે. જેમ આપણું લોહી લાલ છે. આ લોહી એકદમ ખાઈએ તેવું જ કંઈ બનતું નથી. કેટલુંયે છોડી દે છે. ખાઈએ, પેટમાં જાય, એમાં અનાજ સાથે બીજાં કેટલાંયે મિશ્રણ થાય, આાંતરડાંમાં જાય, તેમાંથી કેટલોક ભાગ કાઢી નાખે છે. ત્યાગ કર્યા કરે છે અને છેવટે શુદ્ધ સ્વરૂપે લોહી બને છે. તે કુમકુમનો રંગ લોહીના રંગ જેવો છે. એટલે તેને ત્યાગનું પ્રતીક માન્યું છે.

...અને ચોખા એ પુરુષાર્થ છે. તે પુરુષાર્થનું પ્રતીક છે. ચોખા શરીરને પુષ્ટ અને બળવાન બનાવનાર અનાજ છે. એનાથી મળતી શક્તિથી પુરુષાર્થ પ્રેરવાનો છે. ત્યાગની ભૂમિકા પર પુરુષાર્થ હોય તો જ એકબીજા દીપે. એટલે આ જીવનમાં ત્યાગ

અને પુરુષાર્થ બે રાખ્યા, તો તમે ફતેહ પામશો, એ સમજાવવા માટે આપણા આર્ય ઋષિઓએ આ પ્રતીક આપ્યું છે.

...પછી આ નાડાછડી કાચા સૂતરની છે. એ સ્નેહનું પ્રતીક છે. એની કોમળતા એટલી બધી છે કે તૂટે નહિ એ માટે ખૂબ જ સાવધ રહેવાનું છે. જરા એને તાણીએ તો તૂટી જાય. કાચા સૂતરને તાંતણે તમે બંધાઓ છો. આ સંસારમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ આવશે, વિઘ્નો આવશે, યુદ્ધો આવશે, કોયડાઓ આવશે, સમસ્યાઓ આવશે, દુઃખો આવશે, વિપત્તિઓ આવશે, પણ તમે બંધાયેલા છો નાડાથી. યાદ રાખજો કે તમે છૂટી ના જાઓ એટલા માટે આ નાડાછડી છે. આ સંસારમાં એવું બધું થવાનું. કોઈનું નહિ થાય એવું નહિ, બધાંયને થવાનું. પણ તમે ધીરજ રાખશો, સહિષ્ણુતા રાખશો, સમતા રાખશો, તટસ્થતા રાખશો, મૌન ધારણ કરશો, આપણને ગમે તે લડી બોલી ગયું હોય તોપણ તે વખતે શાંત રહેવું. મૌન ધારણ કરો તો ક્લેશ, કંકાસ વધતો અટકી જશે. એ વખતે મુલાયમ બનશો. આવા કાચા સૂતરને તાંતણે વરકન્યા ગંઠાય છે. આ નાડાછડી વરકન્યા તથા માતાપિતા પરસ્પરને બાંધે છે. એથી બધાં જ સ્નેહમાં પરસ્પર દૃઢ રહે એમ સૂચવાયું છે.

નહિ તો આ સંસારમાં ક્લેશ કંકાસથી જીવવું, તે તો ભયંકર છે, તે બદતર જીવન છે. એના કરતાં મરવું સારું. ક્લેશ કંકાસમાં જીવવું, એકબીજા પર વિશ્વાસ ન હોવો તે જીવવામાં મજા નથી.

...અગ્નિને પધરાવવા, પ્રગટાવવા માટે એની ભૂમિકા તૈયાર કરવા માટે ચંદન નાંખવામાં આવે છે. (અગ્નિના શ્લોકો).

જીવવું કોને ગણાય ? તેની વ્યાખ્યા શી ? જે જીવન ક્રાંતિને પ્રેરે, ક્રાંતિને પ્રેરનારું છે, તે જ જીવન કહેવાય.

...લગ્ન કોને કહેવાય? લગ્ન કોને કહે છે ? જીવનની ઉત્ક્રાંતિ થવાને માટે લગ્ન છે. છોકરાં પેદા કરવાં નહિ, પણ જીવનની ઉત્ક્રાંતિ થવા, ઊર્ધ્વગામી થવા, ભગવાન તરફ જવા, ભગવાનનો અનુભવ મેળવવા માટે લગ્ન છે. અથવા જીવનના કોઈ આદર્શને માટે મરી ફીટવું એને માટે લગ્ન છે, પણ કામનાને પોષવા માટે લગ્ન નથી. આપણાં શાસ્ત્રો પણ એમ જ કહે છે કે સંયમને માટે લગ્ન છે.

**ગ્રહશાંતિ :** લગ્નવિધિના પહેલાં ગ્રહશાંતિની વિધિ છે. આપણા શાસ્ત્રીય કર્મકાંડોમાં 'ગ્રહો'ની શાંતિ માટે આ વિધિ રાખવામાં આવે છે. પણ ગ્રહદશા તો જીવદશાની ભૂમિકા પર છે. પણ અહીં જીવાત્મા આત્મશક્તિ, દૃઢ સંકલ્પ અને ઉત્કટ પુરુષાર્થ દ્વારા આત્મદશા અનુભવવા લાગ્યો છે. આથી, લગ્નજીવનની શરૂઆત કરતાં પહેલાં 'ગ્રહશાંતિ'નો સંકલ્પ વિધિ જરૂરી છે, કારણ કે ઘરમાં કોઈ પણ કિંમતે શાંતિ પ્રસન્નતા જળવાય તો જ તે ઘર કહેવાય.

**નારિયેળ :** એ જીવદશાનું પ્રતીક છે. માટે એનું સમર્પણ યજ્ઞકુંડના જ્ઞાનાગ્નિમાં કરવાનો વિધિ છે.

**મીંઢળ :** લગ્ન જેવા પ્રસંગમાં ખુશી, હર્ષ, ઉલ્લાસ, ઉમંગના ઊભરાઓથી હૃદયના ધબકારા વધી જાય છે. હાથે મીંઢળ બાંધવાથી હૃદયના ધબકારા કાબૂમાં રહે તેવો ગુણ મીંઢળમાં છે. આ હેતુને ધ્યાનમાં રાખીને આપણા ઋષિ મુનિઓએ હાથે મીંઢળ બાંધવાનો રિવાજ પાડેલો.

**લગ્નની ભાવના :** લગ્નની પાછળ શી ભાવના રહેલી છે, તેના વિશે ચૌદ શ્લોકો છે, તે પણ પ્રતીકરૂપે છે. જીવનની ચૌદ ભૂમિકાઓ કહેવાય છે. કેટલાક સાત કહે છે અને કેટલાક ચૌદ કહે છે. હું ચૌદ ભૂમિકામાં માનું છું. તેથી ચૌદ ભૂમિકાના ચૌદ શ્લોકો લખ્યા છે, તે અનુષ્ટુપમાં છે. લગ્ન એકલા ભોગવિલાસ માટે નથી. એ તો તપ માટે જ છે. સમાજમાં દેશનું, પિતૃઓનું, ઋષિઓનું અને દેવનું ઋણ અદા કરવા માટેનું સાધન છે.

**ગુલાબ :** ગુલાબનું કેટલું સૌંદર્ય છે ! આ સૌંદર્ય સાથે તેમાં કાંટા પણ છે. આ કાંટાને પણ પ્રેમથી ભોગવી લેવા જોઈએ.

**સપ્તપદી :** લગ્નવિધિની અંદર સપ્તપદી બહુ મોટામાં મોટો ભાગ ભજવે છે. જે લગ્નમાં સપ્તપદી ન બોલાઈ હોય તે લગ્ન ન ગણાય. તેનું રહસ્ય છેક નીચેથી માંડીને ઉપર લઈ જાય છે. એ અંગેના શ્લોકોમાંનું રહસ્ય સમજવા જેવું છે.

**મંગળફેરા :** જીવનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પગલાં છે. આપણા ઋષિમુનિઓએ ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામને મૂક્યા છે. અર્થ અને કામ એવાં રાખવાં કે જેથી ધર્મ અને મોક્ષ સચવાય. આ હેતુથી જ ઋષિમુનિઓએ અર્થ અને કામને ધર્મ અને મોક્ષની વચ્ચે મૂક્યા છે. આ ચાર ફેરાને મંગળફેરા કહે છે. એ પણ લગ્નવિધિમાં ખૂબ જરૂરના છે. આજે જીવનમાં અર્થ અને કામ બે મહત્ત્વના થઈ પડ્યા છે. ધર્મને કોઈ માનતું નથી અને મોક્ષની વાત તો ઠીક છે.

ધર્મ, અર્થ અને કામ—એ ત્રણમાં પ્રકૃતિ આગળ છે. જીવનમાં પ્રકૃતિ અને પુરુષ બંને છે. પુરુષ સુષુપ્ત છે. જ્યારે મોક્ષની

સ્થિતિ આવે છે ત્યારે પુરુષ મોખરે રહે છે અને પ્રકૃતિ પાછળ રહે છે—ગૌણ બની જાય છે.

મંગળફેરા કરતાં પ્રથમ ત્રણ પગલાંમાં ધર્મ, અર્થ અને કામમાં કન્યા મોખરે રહે છે. ચોથું પગલું આવે ત્યારે પુરુષ મોખરે રહે છે. બધે તમે જોજો આ રિવાજ છે. ધર્મ, અર્થ અને કામ—આ ત્રણ ભૂમિકામાં કન્યા એટલે પ્રકૃતિ મોખરે રહે છે, જ્યારે મોક્ષની ભૂમિકામાં પુરુષ મોખરે રહે છે.

**કન્યાદાન :** કન્યા એવી કોઈ વસ્તુ નથી કે તેનું દાન કરાય. તે તો માતાપિતાનું એક અંગ છે અને આ સનાતન યજ્ઞ ચાલે છે, તેમાં દીકરી સ્વેચ્છાએ સમર્પિતા છે, એવી ભાવના છે.

આ વિધિ પછી વરકન્યા એકબીજાંને હાર પહેરાવે છે. તે દ્વારા એવો સંકેત કરાયો છે કે લગ્નજીવનને પુષ્પો જેવું કોમળ, સ્વીકારાત્મક અને સુગંધિત બનાવવાના એકબીજાંના સંકલ્પને બંને ઉમળકાથી ફળાવવા મથશે.

લગ્નસંબંધ એ પવિત્ર ભાવના છે. એ ભાવના એટલે તો પુરુષ પ્રકૃતિનો હૃદયથી સુમેળ સાધીને એ પરમ ચેતનને, પરમ તત્ત્વને જાણવું, સમજવું, અનુભવવું તે છે.

સૌ સામાન્ય પથે બધાં જગજનો
ચાલ્યા કરે તેમહીં
શો પુરુષાર્થ રહ્યો મહા ! રસ કશો,
તે જીવને શો વળી ?
જેમાં મૌલિકતા નથી જીવન તે
મિથ્યા જીવ્યું જાણવું,
જેમાં છે બલિદાન યજ્ઞ તપ છે,
એ જીવ્યું, જીવ્યું ભલું.

પ્રભુ આપણને આપણા જીવનમાં એવાં લગ્નના આદર્શની ભાવનામાં હૃદયથી જીવંત ખ્યાલ રખાવી તેને ફલિત કરાવો એ જ પ્રાર્થના.

## અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના

*(અનુષ્ટુપ)*

અગ્નિ પ્રત્યક્ષ શક્તિ છે અગ્નિ પ્રકાશ પ્રેરતો,
અગ્નિ સર્વને શુદ્ધ કેવો પવિત્ર બનાવતો ! ૧

અગ્નિની પ્રેમજ્વાળાઓ પ્રગટે ઉચ્ચ ઉચ્ચ શી !
ધારણા જીવને હૈયે આપણે તેવી રાખવી. ૨

પ્રચંડ શક્તિ અગ્નિની ચેતાવવા હૃદે પૂરી,
અગ્નિની સાધના ઉગ્ર જીવને કરવી રહી. ૩

અગ્નિ ચેતાવવા અગ્નિ શો સંપડાવવો રહ્યો,
તે જ છે સાધના જાણો અગ્નિ છે સાધના ખરી,
અગ્નિ પેટાવવા કાજે સાધના શી જરૂરની. ૪

જિજ્ઞાસારૂપ અગ્નિને ચેતાવીને ફરી ફરી,
એની પ્રચંડ જ્વાળાથી પ્રવેશવાનું કરો ચહી. ૫

અગ્નિ તેથી જ ચેતાવી જીવને પ્રતિષ્ઠા થવા,
આજે હું અગ્નિને ભાવે પ્રગટાવું સૌ સમક્ષમાં. ૬

॥ હરિઃૐ ॥

## કન્યાનાં માતાપિતાનું ઉદ્‌બોધન

(અનુષ્ટુપ)

પોતાનું અંગ જાણીને જેને ઉછેરી છે સદા,
તે પુત્રી ભાવથી આજે લગ્નયજ્ઞે સમર્પિતા. ૧

વિદ્યાકેરા અલંકારે સુપુત્રી જે વિભૂષિતા,
થયેલી ભાવથી આજે લગ્નયજ્ઞે સમર્પિતા. ૨

એકબીજાંની સંગાથે પ્રેમભાવેથી જીવને,
યજ્ઞ જીવનકેરો આ આદર્યા કરજો તમે. ૩

ક્રાંતિને પ્રેરનારું તે જીવવું, જીવવું ગણો,
‘જીવનકેરી ઉત્ક્રાંતિ થવા’ લગ્ન પ્રમાણજો. ૪

કામના પોષવા કાજે લગ્ન તે લગ્ન ના હજો,
વૃત્તિ સમર્પવા કાજે લગ્નનો હેતુ જાણજો. ૫

બંને આજે થતાં એક એકભાવેથી જીવજો,
ઉભયે એકબીજાંથી વર્તને કરી શોભજો. ૬

(વરકન્યા એકબીજાંને હાર પહેરાવે પછી આહુતિ અર્પવાનું કરવું.)

હરિઃૐ

• • •

॥ હરિઃૐ ॥

## લગ્નભાવના

(અનુષ્ટુપ)

હાજરીમાં વડીલોની પ્રતિજ્ઞા લઈએ અમે,
યજ્ઞ આ જિંદગીકેરો સાથે આચરશું અમે.
'અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.' ૧

જિંદગીકેરું જાણીને અનોખું મૂલ્ય જીવને,
યજ્ઞની ભાવના પેરે માંડીશું ડગલાં અમે.
'અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.' ૨

આહુતિ વૃત્તિઓકેરી સમર્પ્યાં કરીને પથે,
સંયમે જીવનપુષ્પ વિકસાવીશું પ્રેમપે.
'અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.' ૩

વ્રત આ જિંદગીકેરું સહેલું તે નથી પાળવું,
જાણીને આજે તે બંને જોડાઈએ ચહી ઊંડું.
'અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.' ૪

ભોગવાઈ જતાં પ્રેમ ભાવ તો ઊડી જાય છે !
ત્યાગ સમર્પણે પ્રેમ ઑર શો તે ખીલ્યા કરે !
'અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.' ૫

પ્રેમના ભાવનું જ્ઞાન કેળવી કેળવી હૃદે,
ચાહી ચાહી અમે બંને સાથે ઊડીશું જીવને.
‘અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.’ ૬

ડગલાં સાત તો સાથે ચાલ્યાથી મિત્રતા સ્ફુરે,
જીવનની ભૂમિકામાં વર્તીશું તેમ ઉભયે.
‘અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.’ ૭

મ્હાણવા મ્હાલવા કાજે જિંદગીકેરું મૂલ્ય શું ?
જિદંગી તપને અર્થે, ભાવે એક થયા જશું.
‘અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.’ ૮

ગુલાબકેરું સૌંદર્ય નર્યું ના ભર્યું જીવને,
કાંટાયે છે જાણી જોડાઈએ અમે હૃદે.
‘અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.’ ૯

સુખ ને દુઃખ ને શોક હર્ષાદિકેરી વૃત્તિઓ,
વેદાવા સમભાવે તે, મળીએ આજ જીવને.
‘અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.’ ૧૦

મહત્ત્વ આપી સાથીને મિટાવી દઈ જાતને,
આપ ઉગાડવા કાજે જોડાઈએ પરસ્પરે.
‘અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.’ ૧૧

પ્રેમ ના ભોગવી જાણે, આપતાં આપતાં ચહી,
ભાવ ખીલવવાને તે આજે જોડાઈએ અમે.
'અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.' ૧૨

આનંદ જિંદગીકેરો ભીંજાઈએ જ ભાવથી,
બીજાને સ્પર્શવા કાજે એક તો બનીએ અમે.
'અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.' ૧૩

દિલ તલસતા ભાવે આજે બેઉ અમે પથે,
જિંદગી પામવા કાજે એક તો બનીએ ખરે.
'અગ્નિને સાક્ષી રાખીને વર્તવા પ્રેમભાવથી,
થવાને એક, આહુતિ અર્પીએ સાથ દિલથી.' ૧૪

• • •

(પહેલાં હસ્તમેળાપ કરાવવો)

## જીવનવ્રત

(અનુષ્ટુપ)

બંને આચરશું સાથે વ્રત જીવનનું અમે,
અમે ઉભય જીવીશું પ્રેમથી જ પરસ્પરે. ૧

વિચારોનો બળાત્કાર અમે એકબીજાં પરે,
કરી ના શકીએ એવી જાગૃતિ રાખીશું હૃદે. ૨

વૃત્તિ જે માલિકીકેરી અમે એકબીજાં પરે,
ભોગવી શકીએ એવી થજો ના કદીયે ખરે. ૩

અમે પરસ્પરે ભેળાં હળીને મળીને ચહી,
જીવને યજ્ઞ સંગાથે અમારાથી થજો સહી. ૪

પ્રશ્ન અટપટા જાગ્યે ઓથ એકબીજાતણી,
લઈને દિલથી સાથે ઉકેલાજો અમો થકી. ૫

સાથે ચાલીશું તો બંને આનંદ જીવવાતણી,
મુદાને માણવા માટે રાખીશું દિલ જાગૃતિ. ૬

બંને એક થઈ પ્રેમે એકબીજાં પરે ચહી,
વારી વારી જઈ હૈયે જીવવા મથશું સહી. ૭

મુશ્કેલી, વિઘ્ન, ઉપાધિ સામે લડીશું ખંતથી,
ખભે ખભા મિલાવીને સાથે અમે ઊભા રહી. ૮

લગ્ન શરીરનું ના છે, લગ્ન તો દિલનું થવા,
જોડાઈએ સમક્ષે સૌ, આશા, 'આશિષ પામવા'. ૯

જીવન જીવવાકેરી સદ્‌બુદ્ધિ જાગજો હૃદે,
પ્રાર્થના કરીને એવી આજે જોડાઈએ અમે. ૧૦

જે તે કૈં સર્વ ત્યાગીને બાકી પ્રસાદ જે રહ્યો,
વિશ્વે ભોગવવાકેરો અમોને ભાન જાગજો. ૧૧

• • •

॥ હરિઃૐ ॥

# સપ્તપદી

(અનુષ્ટુપ)

**વર કહે છે :-**

મળ્યાં પોષણ વૃદ્ધયર્થે ભેળાં શાં આજ બેઉએ,
બંને ચાલી ઘરે સાથે સુમેળે બેઉ વર્તીએ.

**કન્યા કહે છે :-**

આપણે ઘેર તો વૃદ્ધિ થવા પોષણની ખરે,
તેવું ને તેટલું ભાવે મથીશું બેઉ આપણે.

**વર કહે છે :-**

પ્રભુએ શક્તિને અર્થે સમર્પ્યાં આજ બેઉને,
એક રાહેથી સંસારે અનુસરીશું આપણે.

**કન્યા કહે છે :-**

પ્રગટે અન્નથી પ્રાણ, શક્તિ ઓજસ તેજ તો,
અન્નની યોજના તેથી કરીશું બેઉ તે રીતે.

**વર કહે છે :-**

પ્રભુએ લક્ષ્મી વૃદ્ધયર્થે સમર્પ્યાં આજ બેઉને,
એકભાવેથી સંસારે પ્રેમે અનુસરીશું બે.

**કન્યા કહે છે :-**

લક્ષ્મીની વૃદ્ધિ રક્ષાને યોગ્ય વર્તીશું તે રીતે,
વ્યવસ્થા તેની તે રીતે કરીશું બેઉ સૌ રીતે.

**વર કહે છે :-**

પ્રભુએ સુખ વૃદ્ધયર્થે સમર્પ્યા આજ બેઉને,
એકાગ્રતાથી સંસારે અનુસરીશું આપણે.

**કન્યા કહે છે :-**

સુખ સમૃદ્ધિ વૃદ્ધયર્થે ભેદ બુદ્ધિ ત્યજી દઈ,
સુખી કુટુંબ આખાને મથીશું કરવા ચહી.

**વર કહે છે :-**

સુખ સાધન વૃદ્ધયૂર્થે સમર્પ્યાં આજ બેઉને,
બંને થૈ એક સંસારે પ્રવર્તીશું પરસ્પરે.

**કન્યા કહે છે :-**

સંસ્કૃતિ ધર્મ રક્ષાર્થે આચરવાનું હો પથે,
તે તે કરીશું તે ભાવે સાથે રહી પરસ્પરે.

**વર કહે છે :-**

સૌંદર્ય વૃદ્ધિને અર્થે પ્રભુએ મેળવ્યાં જગે,
સમર્પી સર્વ સંસારે અનુસરીશું આપણે.

**કન્યા કહે છે :-**

પવિત્રતા થકી જન્મે સૌંદર્ય, તેથી આ પથે,
તેવાં થઈ ઋતુ પેરે આનંદીશું પરસ્પરે.

**વર કહે છે :-**

સાથે ચાલ્યાથી તો સાત પગલાં મિત્રતા થતી,
આજથી મારી તું મિત્ર બની છે સર્વ ભાવથી,
પ્રસન્ન રાખવા ધર્મ મિત્રાનો હોય જીવને,
સંસારે સર્વ કૈં ત્યાગી, ત્યાગી જીવીશું બેઉએ.

**કન્યા કહે છે :-**

થયા સખા તમે મારા, તે પરસ્પર ભાવના,
સંગાથે પ્રગટાવીને જીવીશું એકમેકમાં.
એકબીજાંતણો સાથ સાહચર્યતણી રીતે,
જીવને પ્રેરી પ્રેરીને વર્તીશું પંથ આપણે.
એકબીજાં થકી ભેદ રાખીશું નહિ જીવને,
વર્તી તેમ પ્રીતિ, શાંતિ, સુખ મેળવશું પથે.
બંનેયે મિત્રાતામાં તો સરખાં છે પૂરેપૂરાં,
તેથી પરસ્પરે તેવાં રહી વર્તીશું સર્વદા.

● ● ●

(**નોંધ :** હવે મંગળફેરા ફરવાના છે.)

પૂજ્ય શ્રીમોટાએ કેટલાંક સ્વજનોને તેમને ત્યાંનાં લગ્ન પ્રસંગે લખી આપેલ મંગલાષ્ટક અત્રે રજૂ કરેલ છે. તેઓશ્રીએ વ્યક્ત કરેલ ભાવનાનો ઉપયોગ કરવો હોય તો કરી શકાય એવા હેતુથી અમે આ પ્રગટ કર્યાં છે.

## મંગલભાવના-૧

(શાર્દૂલવિક્રીડિત)

જેવો ભાવ ખીલ્યા કરે હૃદયનો, તેવી ખીલે ચેતના,
ને આધારતણાં બધાં કરણને સ્પર્શી હરે ક્ષુબ્ધતા,
કેવું જીવતણું કરે શિવપણું! આનંદ શો નિશ્ચલ!
એવી તે શુભ ચેતના હરિતણી પ્રેરાવજો મંગલ. ૧

આ સંસાર-લીલા અવ્યક્ત હરિની, તેમાં છુપાઈ ઊંડું,
પોતે આપશું આપ ખેલ રમતો, જાણે ન કોઈ કશું,
જેને ભક્તિ અને ભગીરથ તપે સંતો હૃદે પામતા,
એવા શ્રીહરિ, સંત, જ્ઞાનીજનના વર્ષો સદા મંગલ. ૨

પોતે શાં નિજ ભક્તનાં દુઃખ સહી રક્ષ્યાં કરે જીવને
પ્રેરાવ્યા કરતો સદા જીવનમાં શો સૂક્ષ્મ પોતે રહી !
જેનો પ્રેમ વહે જ અસ્ખલિત શો ! તે પ્રેમ, લક્ષ્મી ખરી,
તેવો પ્રેમ મળ્યા કરી જીવનનું, પ્રાર્થું ! થજો મંગલ. ૩

ચાલે યજ્ઞ અનાદિ કાળથી જહીં, હોમાઈ પોતે સદા,
આપી અંજલિ આપની હૃદયથી આ વિશ્વ સંચારતા,
સૌમાં આપ ભળી, ગળી, જીવનને ભાવે પ્રભુ બક્ષતા,
એવા આપ પ્રસન્ન પ્રેમથી થઈ બક્ષો પ્રભુ ! મંગલ. ૪

જ્યાં ત્યાં ચિત્ર વિચિત્રતા, વિવિધતા, વિસ્તાર કેવાં રમે !
લાગે ઉગ્ર પ્રચંડ ને ભય ભર્યો કેવો વિસંવાદ જે !
તેમાં તોય ભર્યો પડ્યો સભર છે સંવાદ સૌ મૂળમાં,
તે સંવાદનું લક્ષ્ય રાખી જીવને જન્માવજો મંગલ. ૫

પોતે આપ પુરુષ ને પ્રકૃતિ છે, બંને છતાં એક છે,
ખેલે છે જીવને સદા પ્રકૃતિ તે પોતાની રીતે ખરે,
તોયે તે હરિ-ચેતનાથી કહીંયે ના ભિન્ન છે કો રીતે
એ રીતે જીવને ચહી ઉભયના ઐક્યે હજો મંગલ. ૬

આપે આપ રમે અનંત વિધિથી બ્રહ્માંડમાં શ્રીહરિ,
પોતે એક અનેક રૂપ બનીને, જે તે બન્યો શો હરિ!
ના છે ભેદ કશે કશો સકળમાં પોતે રમે તે રીતે,
બોધે માનવી, રીતે તે ગ્રહી હૃદે પામો તમે મંગલ. ૭

સંસારે પ્રગટાવવા ખમીરને આવી મળે આપદા,
છે દુઃખો, 'પ્રગટાવવા જીવનનો ઉત્કર્ષ' માનો સદા,
તે કાળે બની એક શાં ઉભયમાં પોતે ખરા નિશ્ચલ,
પ્રાર્થું **ઈન્દુજયશ્રી***ના જીવનના ઐક્યે થજો મંગલ. ૮

## મંગલભાવના-૨

છૂપો ભાવ સદાય જે દિલ ધરી, ઉત્ક્રાંતિ સૌની કરી,
આકર્ષી સહુ જીવને નિજ પ્રતિ જે સૃષ્ટિની આદિથી,
એ રીતે નિજ નામ સાર્થક કરે, હે કૃષ્ણ ! એવા તને
પ્રાર્થીએ, પ્રથમે પ્રણામ કરીને, આનંદ ને મંગલ. ૧

દીપાવ્યું જ્યમ તેં લતા ! હજુ સુધી વિદ્યાર્થીનું જીવન,
સંસ્કારોયે ઝીલ્યા કુટુંબીજનના જે તે બધા નિર્મલ,
તેવું જીવન આ નવું તવ હજો સોહામણું પ્રેમલ !
આકર્ષો ત્યમ તું સહુ સ્વજનને ચારિત્ર્યથી મંગલ ! ૨

સર્વે ધર્મમહીંય શ્રેષ્ઠ જ કહ્યો ગૃહસ્થના ધર્મને,
કેવો ભોગ, વિયોગ, યોગ-સહુનો સંયોગ તેમાં મળે !
એવી જીવનની અમૂલ્ય તક જે આજે તને સાંપડે,
તેનો તું ઉપયોગ યોગ્ય કરીને સૌનું કરો મંગલ ! ૩

આજે જ્યાં ગૃહસૃષ્ટિ એક તજીને બીજીમહીં જાય છે,
તું આનંદમહીં અને સ્વજન સૌ આનંદમાં ન્હાય છે,
એવો જીવનસૃષ્ટિમાંય તુજને આદ્યંત આનંદ હો !
એવી હો પ્રભુની કૃપા તુજ પરે ને હો સદા મંગલ ! ૪

---
* જે-તે યુગલનાં નામ બોલવાં.

છોને હોય લતા સુકોમલ, સહે તે ગ્રીષ્મના તાપને,
વર્ષાની ઝડીઓ સહે, હિમતણી ઠંડી વળી તે સહે,
તોયે તે હસતી પ્રસારતી રહે કેવી સુગંધી સદા !
એવી સૌરભથી પ્રસન્ન જ રહો તું જીવને મંગલ ! ૫

શ્રદ્ધા, ધીરજ દુઃખમાં, સુખમહીં જો હોય છે નમ્રતા,
હૈયું હોય વિશાળ, પ્રેમભરિયું, ને હો ક્ષમાશીલતા,
તો તો દુઃખસુખે વિકાસ થઈને આનંદ શાંતિ રહે,
એવી દૃષ્ટિ રહ્યા કરો ઉભયની, ને તેથી હો મંગલ ! ૬

આધિ, વ્યાધિ, ઉપાધિ થોડી વધતી સંસારમાં કૈં પડે,
કોઈ મુક્ત નથી, છતાં સુખી કંઈ તો દુઃખી બીજાં દીસે,
સંજોગો નહિ છે પરંતુ મન છે એ સર્વનું કારણ,
એવી દૃષ્ટિ રહ્યા કરો ઉભયની, ને તેથી હો મંગલ ! ૭

ક્યાં ક્યાં દૂર, સુદૂર પંથ પળીને કાલિંદી-ગંગા મળે !
કેવું પાવનકારી તીર્થ બનતું જ્યાં નીર બંને ભળે !
તેવી જીવનની નદી તમ ભળો, હો તીર્થનું ધામ એ
જેમાં યુગ્મ વસે **લતાનિલ**તણું* ને હો સદા મંગલ ! ૮

## મંગલભાવના-૩

ખેલ્યા ગૂઢ રહી રમે જગતમાં જે સ્થૂળ ને સૂક્ષ્મમાં,
આકર્ષે જીવ જીવ પ્રેમરસથી એકાત્મભાવે થવા,
એવું પ્રેમસ્વરૂપ એક સહુને જે સંકળાવી રહ્યું,
એવો પ્રેમ ઊંડો પરસ્પર દ્રવી ફેલાવજો મંગલ. ૧

જેવાં પુરુષ-પ્રકૃતિ હળીમળી વિશ્વે હંમેશાં રમે,
દેખીતી મૂળ પ્રકૃતિ જ રમતી પુરુષ રહે અંતરે,

બંને એકબીજાં પરે ત્યમ છતાં આલંબીને વર્તતાં,
તે આદર્શ અનુભવો જીવનમાં ને માણજો મંગલ. ૨

જ્ઞાની પ્રેમશ્રી જેહને સમજતા તે પ્રેમના ભાવને-
સાકારી રૂપ આપવા જીવનમાં છે લગ્નનો હેતુ તે,
વ્યષ્ટિથી જ સમષ્ટિમાં જીવનને ઉદ્‌ભાવવા લગ્ન છે,
એ હેતુ ધરી લક્ષ મંગળ તમે વર્તાવજો જીવને. ૩

જે જે સર્વ પરિસ્થિતિ જગ મળે તે સૌ વિકાસાર્થ છે,
તે રીતે ઉપયોગ શક્તિ કરીને ત્યાં સાધજો તત્ત્વ તે,
ના મૂલ્યાંકન આંકશો જીવનના પાર્થિવ સૌ માપથી,
એ તો ઈશ પ્રસાદી પ્રેમ ગણજો પ્રત્યક્ષ તેવું જીવી. ૪

પામ્યા જીવન ના નિરર્થકપણે તે ખ્યાલમાં રાખજો,
પોતાને ન મહત્ત્વ આપી સઘળું બીજાંનુંયે ધારજો,
જે જે એકલવાયું જીવન જીવી તે જીવને શી મઝા ?
ત્યાગે જીવનપુષ્પ આપ વિકસે એવા થઈ મ્હેકજો. ૫

જે જે સર્વ મળ્યા કરે જીવનમાં ના ભોગવો એકલું,
બીજાંને સમભાગી સાથ કરતાં રહેજો તમે પ્રેમ શું,
ઊંચી સંસ્કૃતિ જન્મથી નવ મળે એ તો જીવ્યાથી મળે,
એવું ઉન્નતગામી જીવન તમે જીવી કરો મંગલ. ૬

જુદું જુદું રૂપાંતરે પરિણમે શું તત્ત્વ તે પ્રેમનું,
સાધી પ્રેમ શકે પૂરો સકળ તે આદર્શનો લગ્નથી,
ઓજસ્વી રૂપ પ્રેમનું જીવનમાં ઉદ્‌ભાવવા લગ્ન છે,
એ તો જીવનસાધના ગૂઢ અને શી ભવ્ય ને રમ્ય તે ! ૭

કેવું પ્રેમસ્વરૂપ દિવ્ય રસીલું શું મુગ્ધરૂપે રસ્યું !
ઊંડો ભેદ ન પારખે ત્યમ છતાં સૌ કો રસાયે જતું,
લીલા પ્રેમ કરે અણુ અણુમહીં શા શા રચે ખેલ ત્યાં !
એવા પ્રેમ વડે તમો **ઉભય**નું થાઓ સદા મંગલ ! ૮

## મંગલભાવના-૪

સાચું જીવન સખ્ય લગ્નમહીં જે તે સાધવાને તમે,
સાથે આજ ભર્યાં જ સપ્ત પગલાં શ્રીઈશ સાંનિધ્યમાં,
અર્પી સહાય સદાય જીવનમહીં અન્યોન્યના ધર્મમાં,
પામી મંગલ શ્રેય સખ્યનું તમે રે'જો સદા સાથમાં. ૧

જોડાતા કર બેઉ આજ જગમાં અદ્વૈત આરાધવા,
આત્માનાં અમી સિંચીને વિકસજો પામી તમે એકતા,
ઝંખે બે ઉર એક આજ બનવા સંલગ્ન પ્રેમે બને,
વિશ્વે જે રસ પ્રેમનો વહી રહ્યો તે પ્રેમ પામો તમે. ૨

આજે દ્વંદ્વ મિટાવજો જીવનના એકત્વ ભાવો થકી,
વ્હેજો પ્રેમતણી વિશુદ્ધ હૃદયે ધારા કરુણા ભરી,
અન્યોઅન્યતણી સદા જીવનમાં પામો શીળી છાંયડી,
દેજો હે પ્રભુ ! યુગ્મને હૃદયની આશિષ શી મંગલ ! ૩

જ્યાં જ્યાં અંતર ખોજ હો પ્રભુતણી પામો પ્રસાદી ત્યહીં,
સંસારે સમ સુખ દુઃખ લહીને પામો હૃદે શ્રીહરિ,
માંગલ્યે, દિલ એક હો ઉભયનાં કલ્યાણ યાત્રામહીં
દેજો હે પ્રભુ યુગ્મને હૃદયની આશિષ ભાવે ભરી. ૪

શ્રદ્ધા ધીરજ દુઃખમાં, સુખમહીં જો હોય છે નમ્રતા,
હૈયું હોય વિશાળ પ્રેમ ભરિયું ને હો ક્ષમાશીલતા,
તો તો દુઃખસુખે વિકાસ થઈને આનંદ શાંતિ રહે,
એવી દૃષ્ટિ રહ્યા કરો ઉભયની પામો તમે મંગલ. ૫

જે સંબંધ પરસ્પરે દિલ થયો પ્રેમેથી નિભાવજો,
ચાહી એકબીજાં પરે હૃદયથી ને ત્યાગતાં શોભજો,
પોતાનાથી વધુ મહત્ત્વ જીવને દેજો બીજાંને ચહી,
સહેજો એકબીજાંતણું ઉમળકે ઓછું ન લાવી કદી. ૬

તાલે તાલ મિલાવજો જીવનમાં શ્રીશ્રેયને પામવા,
જુદાં તોયે સદાય એક બનજો સંપૂર્ણતા સાધવા,
છે આ વિશ્વ સમસ્ત એક બનવા એ કાજ સંસાર છે,
એ હેતુતણું જ્ઞાન ધ્યાન જીવતું રાખી લહો મંગલ. ૭

ચેતાવો ચિનગારી એક હૃદયે જ્વાલા જલો ભાવની,
સાચો યજ્ઞ જલાવજો પલપલે આહુતિ દેતાં રહી,
વૃત્તિઓ પરિવર્તને પ્રગટજો સાત્ત્વિક ભાવોમહીં,
દ્વૌ-**સિદ્ધાર્થ-ઈલા***-મહીં દિલતણાં ઐક્યે થજો મંગલ. ૮

## મંગલભાવના-૫

કેવો માનવલગ્નમાં બહુ ઊંડો ને ભવ્ય હેતુ વસે !
થાવું બે થકી એક તે થકી સદા આનંદમાં જીવીને,
હેતુ જીવનનો પૂરો કરી સદા લીલા પ્રભુની બને,
જોવી, માણવી, રાચવું નીરખીને હંમેશ શ્રીઈશને. ૧

સાચું ભાન સ્ફુરાવવા ઉભયનું જોડાણ થાયે જગે,
બેમાંથી મન એકનાં ગળી જવા જે તે મળે સૌ સ્થળે,
એવી છે રચના રસાત્મક બધે બ્રહ્માંડમાં બ્રહ્મની,
એ હેતુ જીવવાતણો હૃદયથી રે'જો, હજો મંગલ. ૨

કિંતુ એ નથી સ્હેલ કંઈ અવનવાં વિઘ્નો નડે એ પથે,
લેવા પ્રેમ પરસ્પરે નમવું ને હોમાવું ત્યાં તો પડે,
એ છે યજ્ઞ પવિત્ર તે થકી મળે શાંતિ હૃદે નિર્મલ,
આશિષો પ્રભુની હજો જીવનના એ યજ્ઞમાં મંગલ. ૩

આધિ, વ્યાધિ, ઉપાધિ ઓછી વધતી સંસારમાં સાંપડે,
કોઈ મુક્ત નથી છતાં સુખી કંઈ તો દુઃખી બીજાં દીસે,
સંજોગો નહિ છે પરંતુ મન છે એ સર્વનું કારણ,
એવી દૃષ્ટિ રહ્યા કરો ઉભયની, ને તેથી હો મંગલ. ૪

જેવાં પુરુષ પ્રકૃતિ હળીમળી વિશ્વે હંમેશાં રમે,
દેખીતી મૂળ પ્રકૃતિ જ રમતી પુરુષ રહે અંતરે,
બંને એકબીજાં પરે ત્યમ છતાં આલંબીને વર્તતાં,
તે આદર્શ અનુભવો જીવનમાં ને માણજો મંગલ. ૫

સર્વે ધર્મમહીંય શ્રેષ્ઠ જ કહ્યો ગાર્હસ્થ્યના ધર્મને,
કેવો ભોગ વિયોગ યોગ સહુનો સંયોગ તેમાં મળે,
એવા જીવનની અમૂલ્ય તક જે આજે તને સાંપડે,
તેનો તું ઉપયોગ યોગ્ય કરીને સૌનું કરો મંગલ. ૬

એ હેતુ પ્રતિ લક્ષ રાખી હૃદયે બંને જીવો જો તમે,
સાચો પ્રેમ પરસ્પરે અનુભવી તો શીખશો પ્રેમને,
એ હેતુ ફળવા જ દુઃખ પડતાં એ દૃષ્ટિ જો નિશ્ચલ,
હૈયામાં રહી તો કૃપા પ્રભુ કરે ને થાય સૌ મંગલ. ૭

સાચું જીવન સખ્ય લગ્નમહીં જે, તે સાધવાને તમે,
સાથે આજ ભર્યાં જ સપ્ત પગલાં શ્રીઈશ સાંનિધ્યમાં,
અર્પી સ્હાય સદાય જીવનમહીં અન્યોન્યના ધર્મમાં,
**પૂર્ણિમા*** સહ લગ્ન **કૌશિક***તણાં પ્રાર્થું સદા મંગલ. ૮

## મંગલભાવના-૬

વિશ્વે છે અણુથીય અલ્પ કણમાં વિશ્વેશની ચેતના,
કિંતુ ગૂઢ રહે અને અવનવાં રૂપો ધરે ભાવમાં,
દેખાયે જગને નહિ, જગજનો જુદાં જ રૂપો જુએ,
તે વિશ્વેશની ચેતના ઉભયનું પ્રેમે કરો મંગલ. ૧

જેણે આ જગમાં વનસ્પતિ અને પ્રાણી અને માનવી
સર્જીને કરી ભવ્ય શી વિવિધતા ! લીલા અનેરી રચી,
તોયે પુષ્પની માળમાં કુસુમ સૌ ભેગાં રહે એમ જે
બાંધે છે જગ સર્વ પ્રીતથી, કરો એ ચેતના મંગલ. ૨

પાછા એક થવામહીં બહુ પડે આનંદ એને સદા,
પ્રેમે એક થઈ થવું પ્રગટ એ હેતુ ધરે ચેતના,
પંખીમાં, પશુમાં અને જનમહીં તેથી મૂકી પ્રેરણા,
એ હેતુ પ્રભુનો થજો સફળ ને થાજો સદા મંગલ. ૩

દુઃખો જે જગમાં પડે તહીંય જે એ પ્રેમના હેતુને
હૈયામાં સમજી ધરી ધીરજ જે, તે શાંતિથી સૌ સહે.
તેનામાં સવિશેષ એ પ્રગટતી હંમેશ ર્‌હે ચેતના,
એવું જીવન જીવજો, પ્રગટજો એ ચેતના મંગલ. ૪

જેને હાથ દીધો અહીં સહુતણી ને અગ્નિની સાક્ષીમાં,
તેનામાં થવું ઓતપ્રોત, જીવવું ને પ્રેમની મસ્તીમાં,
એને કાજ જીવી સમર્પિત થવું એના પદે સર્વદા,
એવું જીવનધ્યેય ધારી જીવતાં છે નિશ્ચયે મંગલ. ૫

રક્ષે મંગલકારી હાથ પ્રભુનો પ્હોંચી સહુ સ્થાનમાં,
દીસે જે પ્રતિકૂળ તે મદદ દે એની હશે જો કૃપા,
ઊંડો પ્રેમ થતાં ફળે જીવનમાં એવી પ્રભુની કૃપા,
એ તારું ધન છે અમૂલ્ય, વધજો, ને હો સદા મંગલ. ૬

ભક્તિ શી હૃદયે વસી રહી હતી શ્રીરામ કાજે સદા!
સ્વીકાર્યાં નહિ રાજ્ય વૈભવ જરા, જોકે રહ્યા મ્હેલમાં,
એવા ભક્તિશિરોમણિ ભરતનાં ને સર્વ ભક્તોતણા,
આશીર્વાદથી યુગ્મના જીવનમાં હોજો સદા મંગલ. ૭

શોભે જે અતિ લાલિમાથી મધુરી આહ્લાદ સ્ફૂર્તિપ્રદા,
તેથી ચેતનતેજ આ જગતમાં વ્યાપે અનેરું સદા,
તેવું ચેતન સર્વ તું **ભરત***માં અર્પી થજે ધન્ય ને,
હોજો સાર્થક નામ તારું **અરુણા*** ને હો સદા મંગલ. ૮

## મંગલભાવના-૭

પહેલાં ના હતું જે 'અસત્', નહિ હતું ને 'સત્' તહીં ઊપજે,
જે, તેને કહ્યું બ્રહ્મ સૌ ઋષિજને જેણે દીઠું સત્યને,
તે વેળા સહસા તહીં જ ઊપજ્યાં મેળે જ માયા મહા,
સૌથી પ્હેલું થયેલ એ યુગલને પ્હેલાં કરું વંદના. ૧

એવી સૃષ્ટિ થતાં થયાં યુગલ તે અદ્ભુત કેવાં થયાં!
તે તો 'કાળ-દિશા' થકીય અદકાં ઉત્કૃષ્ટ યુગ્મો થયાં,
ના તે કોઈ રીતે સમાઈ શકતાં કોઈતણાં ખ્યાલમાં,
દૈવી યુગ્મ બધાંય તે, હૃદયથી તેને કરું વંદના. ૨

સૃષ્ટિ-ઈશ્વર, શક્તિ ને શિવનું ને લક્ષ્મી તથા વિષ્ણુનું,
સ્વાહા-અગ્નિતણું, અસત્-સત તણું, ને છે પ્રભા-ઈશનું,
મૃત્યુ-જીવન, ને શરીર મનનું, ને સ્થૂળ ને સૂક્ષ્મનું,
એ સૌ યુગ્મ અનંત આ યુગલનાં લગ્ને કરો મંગલમ્. ૩

લીલા આ શી રચી હશે જીવનના ને મૃત્યુના નાથ! તેં!
જ્યાં ત્યાં 'બે' દીસતાં, તહીં પણ રહ્યું એકત્વ છૂપું બધે,
જે હેતુ તુજ ગૂઢ ત્યાં વસી રહ્યો, કો વીરલા પામતા,
સૌયે યત્ન કરે બધાં સમજવા જાણ્યે-અજાણ્યે સદા. ૪

જુદા કૈંક અનુભવો લઈ જીવો બે એક જ્યારે થતા,
ત્યારે લ્હાણ અનુભવોતણી કરી એકાત્મ પ્રત્યે જતા,
બંનેને, પતિ-પત્નીને, જીવનમાં તેથી થતી સાધના,
કિંતુ નિર્મળ પ્રેમથી થતી ઘણી ઉત્કૃષ્ટ તે સાધના. ૫

પોતાના પ્રિય કાજ જે ત્યજી શકે પોતાનું સર્વસ્વ, ને
એવા ત્યાગ કરી કરી પ્રિય હિતે ખોઈ શકે જાતને-
તેનું જીવન ધન્ય છે, સુલભ છે તે ત્યાગ સ્ત્રી-શક્તિને,
માતા શક્તિતણી કૃપાથી બકુલ* એ પ્રેમ તું પામજે. ૬

* કન્યાનું નામ બોલવું.

જો કૈં દુઃખ પડ્યું દીસે મનમહીં એ પ્રેમને પામતાં,
રહેવું-ચ્હાવુંતણી કલા સહજ છે સ્ત્રી-જીવને સર્વદા,
એ સ્ત્રી-શક્તિમહીં હજો હૃદયથી ઊંડી પ્રતીતિ તને,
એ રીતે નિજ શ્રેય ને પ્રિયતણું તું સર્વદા સાધજે. ૭

સાચી પ્રીત નથી જ જે અવરથી આશા ધરે પ્રેમની,
ફુવારા સમ તે વહે હૃદયથી ને છે સ્વયંભૂ ખરી,
એવી પ્રીતથી જે પ્રમોદ* મળશે, ત્યાં સૌ સુખો તુચ્છ શાં!
એવી પ્રીત હજો તમારી હૃદયે, એ છે પ્રભુ-પ્રાર્થના. ૮

• • •

* કુમાર પુરુષનું નામ બોલવું.

## ૐ શરણચરણ લેજો

(આરતી)

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

॥ હરિઃૐ ॥

## ખંડ : ૭

# ઉદ્‌ઘાટનવિધિ

(પેઢીઓ, યંત્રઉદ્યોગ તેમ જ સંસ્થાઓ માટે)

- અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના
- આહુતિ મંત્ર
- પૂર્ણાહુતિ મંત્ર
- વેપારીએ કરવાની પ્રાર્થના
- વેપારી પેઢીની ઉદ્‌ઘાટન વિધિ
- યંત્રઉદ્યોગની ઉદ્‌ઘાટન વિધિ
- વેપાર-ધંધાના પ્રારંભે રાખવાની ભાવના
- ગૃહપ્રવેશની પ્રાર્થના

॥ હરિઃૐ ॥

## અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના

(અનુષ્ટુપ)

અગ્નિ પ્રત્યક્ષ શક્તિ છે અગ્નિ પ્રકાશ પ્રેરતો,
અગ્નિ સર્વને શુદ્ધ કેવો પવિત્ર બનાવતો ! ૧

અગ્નિની પ્રેમજ્વાળાઓ પ્રગટે ઉચ્ચ ઉચ્ચ શી!
ધારણા જીવને હૈયે આપણે તેવી રાખવી. ૨

પ્રચંડ શક્તિ અગ્નિની ચેતાવવા હ્દે પૂરી,
અગ્નિની સાધના ઉગ્ર જીવને કરવી રહી. ૩

અગ્નિ ચેતાવવા અગ્નિ શો સંપડાવવો રહ્યો,
તે જ છે સાધના જાણો અગ્નિ છે સાધના ખરી,
અગ્નિ પેટાવવા કાજે સાધના શી જરૂરની. ૪

જિજ્ઞાસારૂપ અગ્નિને ચેતાવીને ફરી ફરી,
એની પ્રચંડ જ્વાળાથી પ્રવેશવાનું કરો ચહી. ૫

અગ્નિ તેથી જ ચેતાવી જીવને પ્રતિષ્ઠા થવા,
આજે હું અગ્નિને ભાવે પ્રગટાવું સૌ સમક્ષમાં. ૬

## આહુતિ મંત્ર

સાહસ ખંત ઉદ્યોગ, અહીં પાંગરવા પૂરી,
આપજે તક પ્રાર્થી તે, આહુતિ આપીએ અમે.

છે સાંપડેલ હેતુ જે, કલ્યાણનો સમાજના
આ સંસ્થાથી સધાજો તે, અર્પી આહુતિ, પ્રાર્થના.

## પૂર્ણાહુતિ પ્રાર્થના

યજ્ઞ પૂર્ણાહુતિ અંતે હૈયાના ભાવથી કરી,
કરીએ પ્રાર્થના ભાવે નિષ્ઠા રખાવજો ખરી.

● ● ●

## વેપારીએ કરવાની પ્રાર્થના

(ગઝલ)

પ્રભુ, વ્યાપારમાં બરકત કૃપા કરી પ્રેરતા રે'જો,
કૃપાનિ'ગા પ્રભુ, તારી અમો પર વર્ષતી રે'જો. ૧

હરિની મહેરબાનીને, જીવનલાયક તે અમ કરજો,
અમારાં કર્મમાં અમને, હૃદય ઉત્સાહ ખૂબ દેજો. ૨

જીવનનું જોશ જે સઘળું, લીધાં કર્મે પરોવાજો,
ભૂલેચૂકે જરા સરખો, પ્રમાદ ના કદી થાજો. ૩

સતત ઉદ્યમ વિશે જીવન અમારું તે વ્યતીત થાજો,
પનારે જે પડેલાં છે અમારે, તે સુખી થાજો. ૪

લીધેલાં કર્મમાં નેક હૃદય દાનત તું પ્રેરવજે,
સ્મરણ હરિનું જીવન વિશે અમોને તે થતું રે'જો. ૫

● ● ●

# વેપારી પેઢીની ઉદ્‌ઘાટન પ્રાર્થના

*(અનુષ્ટુપ)*

થયા વિના જ સમૃદ્ધિ વિકાસ યોગ્ય થાય ના,
દેશ બેઠો થવા અર્થે, સમૃદ્ધિ શી જરૂરી ત્યાં ! ૧

સમૃદ્ધિ એમની એમ મેળે તે જન્મતી ન છે,
ઉદ્યોગે ને પુરુષાર્થે સમૃદ્ધિ મેળવાય છે. ૨

જાત જાતતણા એવા ઉદ્યોગ પુરુષાર્થથી,
જન્માવવા જ સમૃદ્ધિ છે મથવાનું હર્ષથી. ૩

વિઘ્ન, મુશ્કેલીઓ આવ્યે ત્યાં, મર્દાનગી, સાહસ,
દાખવી, દાખવી ચેતી વિચારી ભરવાં ડગ. ૪

હરિની શક્તિનો ભાવ આ ઉદ્યોગે પ્રવર્તજો,
કૃપાનો ભાવનાધોધ રહેજો વહેતો અહીં પ્રભો ! ૫

ફાલજો, ફૂલજો પ્રાર્થું ઉદ્યોગ વિસ્તરી જગે,
રૂડાં ફળ બધાં એનાં મળ્યાં તે કરજો જગે. ૬

જે સંકળાયેલ છે જીવો આ ઉદ્યોગને વિશે,
ખંત, ઉદ્યમ, ઉત્સાહ ઉપયોગે પ્રવર્તજો. ૭

થવા સમૃદ્ધ આ દેશ ઉદ્યોગની પ્રવૃત્તિ આ,
જીવતો ભાવ તો તેમાં પ્રગટજો સ્ફુરી કૃપા. ૮

આ ઉદ્યોગે સધાજો સૌ સમૃદ્ધિ સર્વની ખરે,
સમષ્ટિનીય સમૃદ્ધિ વિશે સમૃદ્ધિ સૌની છે. ૯

વ્યક્તિના સ્વાર્થની માત્ર વાત આમાં ન કૈં હજો,
પ્રાર્થનાભાવ તો એવો આ ઉદ્યોગે પ્રવર્તજો. ૧૦

# યંત્ર ઉદ્યોગની ઉદ્‌ઘાટન વિધિ

(અનુષ્ટુપ)

પ્રભુની શક્તિથી જે તે સર્વ પ્રકારના જગે,
ઉદ્યોગ, યંત્ર, વ્યાપાર, સૌ વ્યવહાર જીવને ! ૧

સંસાર, ઉદ્યમો બીજા, ને ઘટમાળ સર્વ જે,
ચાલ્યા કરતી છે નિત્ય—તો આ પણ નિભાવજો ! ૨

પ્રતિષ્ઠા દિવ્ય શક્તિની સ્તવું, યંત્રાલયે થજો,
જીવને ભૂમિકા એવી કૃપાથી દિલ જાગજો ! ૩

કર્મ વિના ન આરો છે, કર્મ, ઉદ્યોગ યોગ્ય જે,
—જે તે—ની યોગ્યતામાં સૌ અંતરે પ્રગટાવજો ! ૪

કર્મ તો કામધેનુ છે, કર્મ તો કલ્પવૃક્ષ છે,
કર્મ પ્રત્યક્ષ શક્તિ છે, શું પ્રાણાધાર કર્મ છે ! ૫

દેશનાં સૌ જુદાં જુદાં ક્ષેત્રે સર્વ પ્રકારના,
ઉદ્યોગોમાં જ પેદાશ ઉત્તમ કોટિની સદા,
વધુ જન્માવવા અર્થે યોગ્ય જે સાનુકૂળતા,
પ્રેરાવવી બધી રીતે પડશે, લક્ષથી તહાં. ૬-૭

કર્મમાં ભાવ જેવો હો, જેવો હો હેતુ કર્મમાં,
જેવી સભાનતા કર્મે, ઉત્સાહ, ખંત, દિલમાં,
એવા બીજા ગુણો કર્મે જોડાયેલા જ જો હશે,
રળાવી આપનારું તો કર્મ જેવું બીજું ન છે. ૮-૯

કર્મમાં લક્ષ જેનું છે, કર્મમાં જેનું ધ્યાન છે,
કર્મમાં પ્રાણ સંપૂર્ણ, તેને તો કર્મ શક્તિ છે. ૧૦

હો વફાદારી સંપૂર્ણ જેને તે કર્મને વિશે,
તેને પ્રત્યક્ષ તો કર્મ દિવ્ય શક્તિરૂપે જ છે. ૧૧

કર્મમાં પ્રાણ જેવા તે પરોવાયેલ હો ઊંડા,
કર્મ શો બદલો તેને અર્પે છે તે પ્રમાણમાં! ૧૨

આજે શા લોક તો ભૂલ્યા જીવને કર્મયોગને !
તેથી આવી દશા આજે દેશની થૈ કફોડી છે. ૧૩

આજે આ કર્મ દ્વારા હું પ્રભુને પ્રાર્થના કરું,
મારા લોકને કર્મે જાગ્રતિ યોગ્ય પ્રેર તું !૧૪

• • •

## વેપારધંધાના પ્રારંભે રાખવાની ભાવના

(અનુષ્ટુપ)

ચાલે નિર્વાહ જેનાથી, તે શક્તિ અમને જગે,
પ્રેય કરાવીને રૂડું, શ્રેય બુદ્ધિ જગાડજે. ૧

જે તે બધું થતું રે'તું, પ્રભુની શક્તિથી જગે,
'બુદ્ધિ, કૌશલ્ય' તે શક્તિ, છે પ્રભુતણી આખરે. ૨

વ્યવહારની ઊંડી જે કળા-સમજ તેય તે,
આપેલી છે પ્રભુકેરી, ધાર્યું સંપૂર્ણ ના થશે. ૩

જેમાં તેમાં પ્રભુ એક, સમર્થ સર્વ રીતિએ,
પ્રભુને ધારીને તેથી, જેમાં તેમાં ગ્રહો હૃદે. ૪

નિર્વાહકેરી પ્રવૃત્તિ, જે ચાલ્યા કરતી જગે,
તેમાં પ્રભુને પ્રાર્થીને, આહ્‌વાહન કરો હૃદે. ૫

જેમાં તેમાં પ્રભુકેરી, ધારણા ધારીને દિલે,
મહત્ત્વ આપતાં રે'જો, પ્રભુને સર્વ વાત પે. ૬

પ્રભુ સર્વે કરાવે છે, એમ ધારી હૃદે ઊંડી,
અહંને ફેડતા રે'જો, આપે તો કામ તે રૂડું. ૭

આપણી હોશિયારી તે, આવે ના કામ સૌ પળે,
એમ ધારી તમે હૈયે, જગાડો ભાન તે વિશે. ૮

શક્તિથી સર્વ ચાલે છે, તે શક્તિની ઉપાસના,
આચરી પ્રેમભક્તિથી, સંસારે વર્તજો સદા. ૯

નેમ ને નેકની દૃષ્ટિ, જીવને નિત્ય આપજો,
ને વ્યવહારમાં શુદ્ધિ, પ્રેરાવા બુદ્ધિ ખીલજો. ૧૦

કિંચિત્ અન્યાય કોઈને, અમોથી ના કદી થજો,
'થવા ભલું બધાંકેરું', સદ્‌બુદ્ધિ એવી પ્રેરજો. ૧૧

પ્રભુની શક્તિ પ્રાર્થીએ, નિર્વાહ-વ્યવહારમાં,
પ્રગટ્યા કરજો ભાવે, અમો પરે કરી કૃપા. ૧૨

## ગૃહપ્રવેશની પ્રાર્થના

(સને ૧૯૩૮માં, કરાંચીમાં, ગૃહપ્રવેશ પ્રસંગે
પૂજ્ય શ્રીમોટાને સ્ફુરેલું પ્રાર્થના કાવ્ય)

(ભુજંગી)

પ્રભો ! સર્વજ્ઞાતા, પ્રભો ! સર્વદાતા, પ્રભો ! વિશ્વકર્મા, વળી વિશ્વભર્તા,
પ્રભુ ! આપ છો સર્વ શક્તિપ્રદાતા, વસો વાસ એવા અમારા ગૃહે આ. ૧

કરી મંથનો, કૈંક સ્વપ્નાં રચીને, ઘડી ઘાટ, આદર્શ મનમાં ધરીને-
અમે ખૂબ ઉત્સાહથી જે કરાવ્યું, કૃપા કૈં કરીને પ્રવેશો પ્રભુ, ત્યાં. ૨

પ્રભુ, તુજ ભાવો બધા ત્યાં પ્રસારો, વસો કલ્પના સર્વ તારી પ્રભુ, ત્યાં
પસાર્યાં કરી તુજ આંદોલનો ત્યાં, કરો ભાગ્યશાળી અમોને હમેશાં. ૩
અમારા ગૃહે, પ્રેમની જ્યોત તારી, સદાયે પ્રકાશી રહો તાત ! સારી,
ખૂણાયે ખૂણા સૌ પ્રભુ પ્રજ્વળી રો', બધો અંધકાર વસી ત્યાં ફિટાવો. ૪
અમારા ગૃહે સંપ ને જંપ બાપુ ! ભર્યાં સુખ, શાંતિ સદાયે ઠરી રો',
બધાંને જ આનંદની ચિનગારી, અમારા ગૃહેથી કૃપાથી અપાવો. ૫
ભલે પાપીમાં પાપી હોયે પતિત, પ્રવેશે ગૃહે જો, બને તે પવિત્ર,
નઠારું બધું એનું સૌ દૂર થાઓ, અમારું પ્રભુ ! ગૃહ એવું બનાવો. ૬
બની આ રહો ચેતના-શક્તિધામ, વળી તેં બનો ભાવનું ભક્તિઠામ,
દયા ને કરુણા વસો ત્યાં સદાયે, પ્રભુના જનોનું બનો ઠામ પ્રેમે. ૭
કશી આધિ, વ્યાધિ અને કૈં ઉપાધિ, કદીયે રહો ના અમારા ગૃહે આ,
સદા મસ્ત આનંદની ઊર્મિ કેરા, વહાયાં કરાજો પ્રવાહે પ્રભુનાં. ૮
સગાં ને સંબંધી સહુ સ્નેહીઓનું, બનીને રહો ઠામ આ, -પ્રેમ કેરું,
રહે આશ્રયે જેહ એનાં, થજો તે ઉમંગી સુખી, એ પ્રભુની દુઆથી. ૯
અહીં ના કદી કલેશ કંકાસ જાગો, અહીં ના કદી દુઃખ સંતાપ જાગો,
પ્રભુની કૃપાથી અમારા ગૃહે આ, સુયોગો, સુમેળો, બધાનાં સધાજો. ૧૦
ઉજાળ્યાં કરો કિરણો તેજ તારાં, પ્રવેશ્યાં કરો દેવદૂતો તમારાં,
ખીલ્યાં ત્યાં કરો ફૂલડાં દિવ્ય તમારાં, વિતાવ્યાં કરાવો પ્રભુ, દિન સારા. ૧૧
નવા આ નિવાસે પ્રભુજી અમોને, સદા પ્રેમ ને નેમ તું સારી દેજે,
પ્રભુ, વાળીને ઝૂડીને ગૃહ તારું, રખાવ્યાં કરી સાફ રે'જો ઠરીને. ૧૨
નવા આ નિવાસે પ્રભુની દયાથી ખરું, સુતરું, સર્વ સારું બન્યા રો',
વિચારો અમારા સદા ઊર્ધ્વગામી, શિરોગામી સૌ રો' પ્રભુની કૃપાથી. ૧૩
અમારી પ્રભુ, દીર્ઘદૃષ્ટિ બનાવી અમોને સદા ધૈર્ય ને શાંતિ આપી,
નવા આ નિવાસે અમોને ઠરાવી, તને નિત્ય રાજી કરાજો અમોથી. ૧૪

• • •

॥ હરિઃૐ ॥

## ખંડ : ૮

# શાંતિકલ્યાણ યજ્ઞવિધિ

- અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના
- અગ્નિને પ્રાર્થના
- આહુતિ આપતી વખતે કરવાની પ્રાર્થના
- યજ્ઞપૂર્ણાહુતિ મંત્ર
- યજ્ઞ મંગલભાવના

જીવનમાં કોઈ પણ પ્રકારની ભાવનાને દૃઢ કરવા યજ્ઞવિધિ કરી શકાય. એમાં પ્રસંગોચિત, ભાવોચિત મંત્રોથી આહુતિ આપવી અને બોલાતા મંત્રની ભાવનાનો અર્થ લક્ષમાં રાખવો.

## અગ્નિ પ્રગટાવવાની પ્રાર્થના

(અનુષ્ટુપ)

અગ્નિ પ્રત્યક્ષ શક્તિ છે અગ્નિ પ્રકાશ પ્રેરતો,
અગ્નિ સર્વને શુદ્ધ કેવો પવિત્ર બનાવતો ! ૧

અગ્નિની પ્રેમજ્વાળાઓ પ્રગટે ઉચ્ચ ઉચ્ચ શી !
ધારણા જીવને હૈયે આપણે તેવી રાખવી. ૨

પ્રચંડ શક્તિ અગ્નિની ચેતાવવા હ્દે પૂરી,
અગ્નિની સાધના ઉગ્ર જીવને કરવી રહી. ૩

અગ્નિ ચેતાવવા અગ્નિ શો સંપડાવવો રહ્યો,
તે જ છે સાધના જાણો અગ્નિ છે સાધના ખરી,
અગ્નિ પેટાવવા કાજે સાધના શી જરૂરની. ૪

જિજ્ઞાસારૂપ અગ્નિને ચેતાવીને ફરી ફરી,
એની પ્રચંડ જ્વાળાથી પ્રવેશવાનું કરો ચહી. ૫

અગ્નિ તેથી જ ચેતાવી જીવને પ્રતિષ્ઠા થવા,
આજે હું અગ્નિને ભાવે પ્રગટાવું સૌ સમક્ષમાં. ૬

• • •

## અગ્નિને પ્રાર્થના

અગ્નિ પેટાવીએ ભાવે અગ્નિ અંતરનો ઊંડે,
હૈયે પેટાવવા કાજે પ્રાર્થીએ હે પ્રભો! તને. ૧

દિલ પ્રાર્થીએ મન બુદ્ધિ ને ચિત્ત પ્રાણની શુદ્ધિ થજો,
એ હેતુથી આ આહુતિ પ્રભુ અર્પીએ દિલ ઠારજો. ૨

## આહુતિ આપતી વખતે કરવાની પ્રાર્થના

(અનુષ્ટુપ)

**• અનિષ્ટથી મુક્તિ કાજે •**

સૌ અનિષ્ટથી મુક્તિ થવા કાજે હૃદે ઊંડી,
પ્રાર્થના કરી આહુતિ આપીએ હરિને સ્મરી. ૧

**• શાંતિની વૃદ્ધિ અર્થે •**

શાંતિ, કલ્યાણ વૃદ્ધ્યર્થે ને અનિષ્ટ હઠાવવા,
આહુતિ આપીએ પ્રાર્થી પાદમાં દિલ વાળવા. ૨

**• સુમેળ પ્રગટાવવા માટે •**

સુમેળ, શાંતિ, આનંદ જન્મો સૌ સાથ આ ઘરે,
એવા હેતુથી પ્રાર્થીને આહુતિ આપીએ તને. ૩

સુમેળ ભાવ હૈયાનો પરસ્પરે થવા ખરો,
પ્રેમ હૈયાથી પ્રાર્થીને આહુતિ અર્પીએ અમો. ૪

**• વિઘ્ન મુક્તિ માટે •**

પામવા વિઘ્નથી મુક્તિ શાંતિ કલ્યાણ ઝંખવા,
આહુતિ આપીએ પ્રાર્થી, ઉન્મુખી દિલ પ્રેરવા. ૫

વિઘ્ન મુશ્કેલી પંથે જે આવનારી, કૃપાથી તે
હૃદયે એવું પ્રાર્થીને અંજલિ અર્પું અગ્નિને. ૬

**• વિઘ્ન નિવારણ – શ્રેય કાજે •**

શ્રેયની ભાવનાર્થે સૌ, ભેળાં મળી બધાં અમે,
ધારવા શાંતિ-કલ્યાણ, યજ્ઞે આહુતિ અર્પીએ. ૭

**● કર્મ પૂરાં થવા માટે ●**

સર્વનુંય થવા હિત આરંભાયેલ કર્મને,
થવા પૂરું હ્દે પ્રાર્થી આહુતિ અર્પીએ અમે. ૮

**● ઈષ્ટ પ્રાપ્તિ કાજે ●**

ઈષ્ટપ્રાપ્તિ થવા કાજે સંદેહ મુક્તિ હેતવે,
આહુતિ અર્પીએ ભાવે પ્રભો! તે તું સ્વીકારજે. ૯

**● શ્રેય કાજે ●**

કરીને કર્મ સંસારે, જીવવા યજ્ઞ ભાવથી,
આહુતિ અર્પીએ પ્રાર્થી શ્રેયને વરવાતણી. ૧૦

**● ક્ષેમ થવા કાજે ●**

અમારું સૌ રીતે ક્ષેમ થજો તારી કૃપા થકી,
સૌનું કલ્યાણ વાંછાજો, પ્રાર્થી એ આપું અંજલિ. ૧૧

**● સુમેળ શાંતિ અર્થે ●**

સુમેળ શાંતિ આનંદ, જન્મો સૌ સાથ આ ઘરે,
એવા હેતુથી પ્રાર્થીને આહુતિ આપીએ તને. ૧૨

## યજ્ઞ પૂર્ણાહુતિ મંત્ર

*(અનુષ્ટુપ)*

યજ્ઞ પૂર્ણાહુતિ અંતે, હૈયાના ભાવથી કરી,
કરીએ પ્રાર્થના ભાવે, નિષ્ઠા રખાવજો ખરી. ૧

યજ્ઞ પૂર્ણાહુતિ અંતે શાંતિ કલ્યાણ ઝંખવા,
ભાવે આહુતિ અર્પું જે તને યાચું સ્વીકારવા. ૨

પૂર્ણાહુતિ સદૈવ શક્ય બનજો યજ્ઞે સહુ હોમવા,
યત્કિંચિત્ અશુદ્ધિઓ નવ રહો એ છે પ્રભુ! પ્રાર્થના. ૩

## યજ્ઞ-મંગલભાવના

(શાર્દૂલવિક્રીડિત)

ચાલે યજ્ઞ અનાદિકાળથી જ્યહીં હોમાઈ પોતે સદા,
આપી અંજલિ આપની હૃદયથી શા યજ્ઞ સંચારતા !
સૌમાં આપ ભળી, મળી જીવનના યજ્ઞે હવિ બક્ષતા,
એવા યજ્ઞસ્વરૂપ શ્રીહરિ તમે પ્રેરો સદા મંગલ. ૧

હોવા એક છતાં અનેક પણ છો, જુદા જુદા ભાસતા,
હોમાતાં પ્રભુ યજ્ઞમાં પળપળે જ્વાળારૂપે શા થતા !
જ્વાળા જેમ જુદું જુદું સ્વરૂપ લે તોયે મૂળ એક ને,
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ સૌનું કરો મંગલ. ૨

જેવો ભાવ ખીલ્યા કરે હૃદયનો, તેવી ખીલે ચેતના,
ને આધારતણાં બધાં કરણને સ્પર્શી હરે ક્ષુબ્ધતા,
કેવું જીવતણું કરે શિવપણું! આનંદ શો નિશ્ચળ !
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ પ્રેરાવજો મંગલ. ૩

જ્યાં ત્યાં વિશ્વ વિચિત્રતા, વિવિધતા, વિસ્તાર કેવાં રમે !
લાગે ઉગ્ર પ્રચંડ ને ભયભર્યો કેવો વિસંવાદ તે !
તેમાં તોય ભર્યો પડ્યો સભર છે સંવાદ સૌ મૂળમાં,
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ બક્ષો સદા મંગલ. ૪

આ સંસાર લીલા અવ્યક્ત હરિની તેમાં છુપાઈ ઊંડું,
પોતે આપ શું આપ ખેલ રમતાં જાણે ન કોઈ કશું,
જેને ભક્તિ અને ભગીરથ તપે સંતો હૃદે પામતા,
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ બક્ષો સદા મંગલ. ૫

પોતે આપથી આપ શા પળપળે આહુતિ આપ્યા કરી,
જુદાં શાં રૂપ આપ આપથી થતાં, જે તેજ છો શ્રીહરિ,
છો પ્રત્યક્ષ છતાં લહે ન હરિને, માયા શી તારી પ્રભુ !
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ બક્ષો સદા મંગલ. ૬

જે જે દેવ-ગ્રહોની યજ્ઞ સમીપે પ્રસ્થાપના જે કરી,
તે તે દેવ-ગ્રહો પ્રસન્ન થઈને કલ્યાણ શ્રી દઈ હરિ,
જે જે દોષો થયા કર્યાં અમ થકી તેની ક્ષમા આપીને,
તે નારાયણ યજ્ઞરૂપ શ્રીહરિ પ્રેરો સદા મંગલ. ૭

• • •

॥ હરિ:ૐ ॥

## ખંડ : ૯

# નૈમિત્તિક પ્રાર્થનાઓ

- ગર્ભવતી માટેની પ્રાર્થના
- શિશુના નવજન્મદિનની પ્રાર્થના
- જન્મદિને કરવાની પ્રાર્થના
- સ્વજનના ઘરમાં પ્રવેશ વેળા કરવાની પ્રાર્થના
- નવ વરવધૂને શુભેચ્છાઓ
- ભાઈબીજ શુભેચ્છાઓ
- ચોપડાપૂજન - લક્ષ્મીપૂજન કરતી વેળા કરવાની પ્રાર્થના
- જનકલ્યાણની સેવા કરવાની પળે રાખવાનો ભાવ-પ્રાર્થના
- નાગદેવતાની પ્રાર્થના
- સ્વજનના મૃત્યુ બાદ કરવાની પ્રાર્થના
- શ્રાદ્ધ પ્રસંગે કરવાની પ્રાર્થના

## ગર્ભવતી માટેની પ્રાર્થના

અંતરે જે જીવ વ્યાપ્ત તેની રક્ષા થવા પ્રભુ !
તેનું હિત થવા સાચું આહુતિ અર્પતાં સ્તવું. ૧

## શિશુના નવ જન્મદિનની પ્રાર્થના

વહાલા શિશુના શુભ જન્મદિને પ્રાર્થું પ્રભુને પદમાં ઢળીને,
દે જે પ્રભુ! આશિષ પ્રેમભાવે તું બાળને પ્રેરજે પ્રેમપંથે. ૨

## જન્મદિને કરવાની પ્રાર્થના

*(શાર્દૂલવિક્રીડિત)*

આ, જે જન્મ, શરીરનો નવ ગણો તે જન્મ તો પામવા,
દૈવીભાવ પ્રભુતણો જીવનમાં તેની પ્રતિષ્ઠા થવા,
પામ્યા સ્થૂળ નહિ નિરર્થકપણે એ સૂક્ષ્મ ચેતાવવા,
એવું ભાન થયા કરો હૃદયમાં એવી હજો પ્રાર્થના. ૩

## સ્વજનના ઘરમાં પ્રવેશ કરતી વેળાની પ્રાર્થના

તમારા ગૃહે ઈશ માંગલ્ય પ્રેરો,
તમારા ગૃહે શાંતિ, આનંદ વ્યાપો,
તમારા ગૃહે ચેતના વાસ થાજો,
તમારું સદા આત્મકલ્યાણ થાજો. ૧

જલાવી પ્રભુ પ્રેમનો દીપ ન્યારો,
તમારા ગૃહે દિવ્ય ઉલ્લાસ રેલો,
અહંકાર ને દર્પના અંધકારો,
પ્રભુ પ્રેમજ્યોતિ થકી દૂર થાજો. ૨

## નવ વરવધૂને શુભેચ્છાઓ

બંને એકબીજાંને કાજ જીવને હોમાવું ચાહીને ભલું,
બંને એકબીજાંની સાથ રહીને પંથે ધપો વેગીલું. ૧

બંને એકબીજાં વિશે હૃદયમાં એકાત્મભાવે ચહી,
એવી સર્વ કમાણી જે કંઈ કરો અર્પો પ્રભુપાદશ્રી. ૨

લગ્ને દ્વંદ્વ મિટાવજો જીવનમાં એકત્વ ભાવો થકી,
વહેજો પ્રેમતણી વિશુદ્ધ હૃદયે ધારા કરુણા ભરી. ૩

અન્યોન્ય જ તણી સદા જીવનમાં હોજો શીળી છાંયડી,
અર્પો હે પ્રભુ યુગ્મને હૃદયમાં આશિષ ભાવો ભરી. ૪

• • •

## ભાઈબીજ શુભેચ્છાઓ

બંધુ અને ભગિનીતણું શુભ ઐક્ય હૈયે સાધતી,
આજે ઊગી શુભ બીજની મંગલ ઉષા અંતરમહીં,
નિર્મળ સહારો ભાવના બંધુ અને ભગિનીતણો,
પ્રેમે જીવન શક્તિ બની, જીવન ઉભયનાં તારજો. ૧

ભાઈબીજ વિમલ મધુરી બહેનની ભાવ સૃષ્ટિ,
જાગે હૈયું અધિક કરતી, ભાવવૃદ્ધિ નિરાળી,
બહેનીકેરો પુનિત જગમાં ભાવ નાતો અનેરો,
પ્રાર્થું આજે પ્રભુ ચરણમાં બહેનીનું શ્રેય થાજો. ૨

• • •

## ચોપડાપૂજન-લક્ષ્મીપૂજન કરતી વેળા
## કરવાની પ્રાર્થના

*(શાર્દૂલવિક્રીડિત)*

લક્ષ્મીનો ઉપયોગ યોગ્ય બનતાં શક્તિ બને લક્ષ્મી તે,
તેનું ભાન જગાડવા જીવનમાં પૂજાવિધિ આ ખરે ! ૧

ધર્મે જે વપરાય લક્ષ્મી જીવને, સદ્‌બુદ્ધિ પ્રેરાવતી,
ને સંસ્કાર સ્ફુરાવીને જીવનમાં આનંદ રેલાવતી. ૨

જે લક્ષ્મી સુખ નિત્ય વૈભવ અને ઐશ્વર્ય દે પૂર્ણદા,
તે લક્ષ્મી અજવાળજો જીવનને તે લક્ષ રે'જો સદા. ૩

*(અનુષ્ટુપ)*

પરમાર્થ અને સ્વાર્થ બંનેનો મેળ જીવને,
પ્રેરાવવા મળી લક્ષ્મી વપરાજો રૂડી રીતે. ૪

## જનકલ્યાણની સેવા કરવાની પળે
## રાખવાનો ભાવ-પ્રાર્થના

*(અનુષ્ટુપ)*

બીજાઓના ભલા સારુ ઉઠાવાજો બધો શ્રમ,
સ્વાર્થ હેતુ ન તેમાં હો સેવાનો તે ખરો કર્મ. ૧

સેવાનો ભાવ હો કર્મે કર્મ તે ભાવનિષ્ઠ છે,
કર્મ ભાવથી સીંચાઈ તેવાં કર્મ થજો ખરે!
જીવનને ઊંચે આણી પ્રેરાવો દૃષ્ટિ જીવને. ૨

પ્રભુપ્રીત્યર્થ એ સેવા થજો જીવનભાવથી,
ઊર્ધ્વ જીવનને પ્રેરી આકાશે રાખજો ચહી. ૩

## નાગદેવતાની પ્રાર્થના

કર્મનો દોષ જો કોઈ નાગદેવ ક્ષમા કરી,
દેખા દેશો ન કોઈ દી, તને યાચું ફરી ફરી.

(ઘીનો દીવો કરી નાગદેવતાને પાંચવાર નમસ્કાર કરી, ઉપરનો મંત્ર પાંચ વાર ભાવનાથી રટીને તે પછી ઘીનો દીવો પાણિયારે મૂકવો.)

• • •

## સ્વજનના મૃત્યુ બાદ કરવાની પ્રાર્થના

(સ્વજનના મૃત્યુ બાદ ગત જીવાત્માના શ્રેયાર્થે બની શકે તો ૧૩ દિન રોજ સવાર-સાંજ ઓછામાં ઓછો અડધો કલાક, કુટુંબીઓ સાથે સમૂહમાં અથવા એકલા કરવાની પ્રાર્થના.)

(શિખરિણી-મંદાક્રાંતા)

ગયેલા આત્માને મનહૃદયથી આપજે શાંતિ પૂરી,
બધી રીતે એનું પ્રભુ! કરવજે સર્વ કલ્યાણ શ્રીજી!

બધા જીવો સાથે ગત જીવનમાં જે થયેલો સંબંધ,
કરાવી દ્યો એને સહુ તરફથી સાવ નિશ્ચિંત મુક્ત.

• • •

# સ્વજનના મૃત્યુ બાદ કરવાની પ્રાર્થના

## અંગ્રેજી અનુવાદ

### PRAYER FOR THE DEPARTED SOUL

Pujya Shri MOTA has written this prayer for ultimate peace & well being of departed Soul & has advised to recite this prayer for next 13 days after the demise of our loved one. A person alone or family members shall pry together, maximum time in a day.

O Lord,
We pray Thy bestow peace of
heart & mind to the departed Soul

In every way dear Lord, may Thy
do everything good for the Soul

May Thy free the Soul from
all bondage of the last birth

O Lord,

May Thy grant complete peace &
absolute peace to the departed Soul.

**-Shri Mota**

|| Hari Om ||

## સ્વજનના મૃત્યુ બાદ કરવાની પ્રાર્થના

## હિંદી અનુવાદ

## मृतात्मा के लिए शांतिप्रार्थना

पूज्य श्रीमोटाने मृतात्मा की शांति हेतु यह प्रार्थना लिखी है । देहविलय से १३ दिन तक निकटवर्ती स्वजन अकेले या परिवार के सर्व सदस्य के साथ बैठकर यह प्रार्थना महत्तम कल्याण अर्थपूर्ण हेतु से की जानी जाहिए ऐसा सूचन श्रीमोटाने किया है ।

(शिखरिणी–मंदाक्रांता)

गई हुई आत्मा को मनहृदय से देना पूर्ण शांति,
सब तरह से उसका प्रभु करना सर्व कल्याण श्रीजी।
सभी जीवों के साथ गत जीवन में हुए जो सम्बन्ध,
कर दो उस आत्मा को सब तरफ से शांत निश्चिंत मुक्त।

–**श्रीमोटा**

• • •

## શ્રાદ્ધ પ્રસંગે કરવાની પ્રાર્થના

(અનુષ્ટુપ)

પિતૃઓને સ્મરી પ્રેમે ભાવથી પ્રાર્થના કરી,
કલ્યાણ પ્રેરતા રે'જો જીવને લક્ષ્ય પ્રેરવી.

• • •

॥ હરિઃૐ ॥

## ખંડ : ૧૦

# દૈનિક પ્રાર્થનાઓ

(દૈનિક ક્રિયાઓ અંગેની પ્રાર્થનાઓ)

- શૌચ જતી વેળાની પ્રાર્થના
- કચરો-પૂંજો કાઢતાં, વાસણ ઊટકતી વેળાની પ્રાર્થના
- કસરત કરતી વેળાની પ્રાર્થના
- પાણી, ચા, દૂધ વગેરે પ્રવાહી લેતી વેળાની પ્રાર્થના
- નદી, સરોવરમાં સ્નાન કરતી વખતે કરવાની પ્રાર્થના
- ધ્યાનમાં બેસતાં પહેલાંની પ્રાર્થના
- ગાયત્રીમંત્ર (અર્થભાવના-સૂર્યપ્રાર્થના)
- પૂજાપાઠને અંતે, ધ્યાનજપને અંતે કરવાની પ્રાર્થના
- જમતી વેળાની પ્રાર્થના
- દવા પીતી-લેતી વેળાની પ્રાર્થના
- હરતાં ફરતાં સતત કરવાની પ્રાર્થના
- રાત્રે સૂતી વેળાની પ્રાર્થના
- શંકા કુશંકા થાય ત્યારે કરવાની પ્રાર્થના
- બીજાને સ્વવ્રત પાલનનું પુણ્ય દેવા માટેની પ્રાર્થના
- તમસ ગુણના શત્રુઓ દૂર કરવાની પ્રાર્થના

## ૧ : શૌચ જતી વેળાની પ્રાર્થના

મનની ગ્રંથિઓ સૌ ને પ્રાણની કામના સહુ,
દેહની જડતાઓને દૂર તું કરજે પ્રભુ ! ૧

કામ, ક્રોધ, મદ, મોહ, લોભ ને મત્સર મારા જજો,
હૈયેથી સૌ દૂર થજો મુજ એષણાઓ. ૨

નકારાત્મક સૌ સ્થૂળ જેવું આ બહાર નીકળે,
નઠારું તેમ સૌ સૂક્ષ્મ બનો નીકળી શુદ્ધ તે. ૩

જીવને દોષ સુધારી, ગુણ વિકાસ આદરી,
કર્મ આચરતાં બુદ્ધિ, રાખજે શુદ્ધ પાંસરી. ૪

● ● ●

## ૨ : કચરો-પૂંજો કાઢતાં તથા વાસણ ઊટકતી વેળાની પ્રાર્થના

'થાજો, પ્રભુ! મનહૃદય મમ સ્વચ્છ આવાં.'

● ● ●

## ૩ : કસરત કરતી વેળાની પ્રાર્થના

(વસંતતિલકા)

આધાર શુદ્ધિ કરજે તવ યંત્ર થાવા,
દે પ્રેમભક્તિ શ્રદ્ધા હનુમાન જેવાં,

આત્મકલ્યાણ અર્થે આ
સ્વાસ્થ્ય-શુદ્ધિ-ક્રિયા થજો.

● ● ●

## ૪ : પાણી-ચા-દૂધ વગેરે પ્રવાહી લેતી વેળાની પ્રાર્થના

આવો હૃદે જીવન ચેતનશક્તિ આવી,
જાગો હૃદે જીવન ચેતનશક્તિ આવી.

• • •

## ૫ : નદી-સરોવરમાં સ્નાન કરતી વેળાની પાર્થના

વ્હેજો હૃદે જીવન ચેતનશક્તિ આવી,
વ્હેજો હૃદે પુનિત પ્રેમપ્રવાહ આવો.

• • •

## ૬ : ધ્યાનમાં બેસતાં પહેલાં કરવાની પ્રાર્થના

'કૃપાગંગા તારી નીરવ કરજો મુજ મન પ્રભો.'

• • •

## ૭ : ગાયત્રીમંત્ર (અર્થભાવના-સૂર્યપ્રાર્થના)

(અનુષ્ટુપ)

તેજતત્ત્વ થકી જન્મે, બુદ્ધિ તો સર્વ અંતરે,
બુદ્ધિના સ્વામી તેથી છો, સૂર્યદેવ, તમે ખરે.
હે સૂર્ય ! મુજ બુદ્ધિમાં, બક્ષો તેજસ્વીતા મને,
ખીલે વિવેક ને જેને, વાપરી શકું વર્તને.
અનેક શી મડાગાંઠો, પડેલી બુદ્ધિમાં મને,
તેથી જ આવરાયે છે, બુદ્ધિની દૃષ્ટિ વર્તને.
સર્વની પર પડે છે, પ્રકાશ, બુદ્ધિ એક તે,
સર્વ ઉજાળનારા તે, ઉજાળો મુજ બુદ્ધિને.

• • •

## ૮ : પૂજા પાઠને અંતે, ધ્યાન જપને અંતે કરવાની પ્રાર્થના

(વસંતતિલકા)

જે કંઈ થયા સહુ કરે તવ શક્તિથી એ,
ને પાછું તે પદ સમર્પણ સૌ કરાજો.

● ● ●

## ૯ : જમતી વેળાની પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

સ્વીકારી પ્રભુ અલ્પ અર્ધ્ય કરજો શુદ્ધિ સહુ કોષની,
ચેતાવો હૃદશક્તિ મુજ જીવને શી ચેતનાથી ભરી !

● ● ●

## ૧૦ : દવા પીતી-લેતી વેળાની પ્રાર્થના

સ્વાસ્થ્ય-કલ્યાણ અર્થે આ વ્યાધિનાશ દવાથી હો.

● ● ●

## ૧૧ : હરતાં ફરતાં કરવાની પ્રાર્થના

(વસંતતિલકા)

સંપર્ક શાશ્વત હજો તવ ચેતનાનો,
પ્રેમ-ભક્તિ-ભાવ દૃઢવી હૃદ જોડી રાખો.

● ● ●

## ૧૨ : રાત્રે સૂતી વેળાની પ્રાર્થના

(વસંતતિલકા)

જે મારી સર્વ જડતા ઊંઘમાં ન હોજો,
નિદ્રામહીં હૃદય ચેતન તારું રે'જો.
તારી સ્મૃતિ પ્રભુ! મને ઊંઘમાંય હોજો,
ને તારું ધ્યાન હૃદે તે સમયે મને રહો. ૧

(અનુષ્ટુપ)

સ્વપ્નાં વિશે વિકારોની સૂક્ષ્મતા પજવે મને,
નિવારીને પ્રભુ, એને દિવ્યરૂપે કરો હૃદે. ૨

• • •

## ૧૩ : શંકા કુશંકા વગેરે થાય ત્યારે કરવાની પ્રાર્થના

(અનુષ્ટુપ)

જે જે શંકા કુશંકાઓ જે પૂર્વગ્રહ બુદ્ધિના,
કૃપાથી સૌ હઠાવીને પ્રેરજો શુદ્ધિ બુદ્ધિમાં,
થવાને ભાન હૈયાથી પ્રભુ! તારા વિશે મને,
મથાવીને કૃપાથી તે પ્રેરજો ભક્તિ હે હરે !

• • •

## ૧૪ : બીજાને સ્વવ્રત પાલનનું પુણ્ય દેવા માટે પ્રાર્થના

(અનુષ્ટુપ)

કરેલાં વ્રતનું આજે પ્રભુ કૃપા થકી પૂરું,
સમાવર્તન ભાવેથી કરું પ્રાર્થી લળી ઊંડું.
કરેલાં વ્રતનું પુણ્ય હૈયે ધારેલ જીવને,
પહોંચજો એવું પ્રાર્થીને અર્પું અંજલિ અગ્નિને.

• • •

## ૧૫ : તમસ ગુણના શત્રુઓ દૂર કરવાની પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

તું મારા મદ મોહ ને મત્સર પ્રભુ, ને લોભ સંહારજે,
મારા સર્વ વિષય ને વિકાર તું, બાળી પ્રભુ નાંખજે.
જે કંઈ આળસ ને પ્રમાદ મનથી, કાઢી બધું નાંખજે,
ખાલી સાવ તરંગથી કરી મને, હે નાથ ઉદ્ધારજે.

॥ હરિઃૐ ॥

ખંડ : ૧૧

# નિત્ય પ્રાર્થનાઓ

- પ્રાર્થનાનો હેતુ
- જીવનનો હેતુ ફળાવવા જાગૃતિ માટે પ્રાર્થના
- હરતાં ફરતાં સતત કરવાની પ્રાર્થના
- જીવનમાં ગુણભાવ પ્રગટાવવાની પ્રાર્થના
- પ્રભુસ્મરણ કાજે પ્રાર્થના
- સાચી સેવા
- અખંડ સ્મરણ માટેની પ્રાર્થના
- અપેક્ષા રહિતની પ્રાર્થના

## પ્રાર્થનાનો હેતુ

(હૃદયમાં વિરાજતા પ્રભુ સાથેનો સંબંધ દૃઢ અને જીવંત કરવો.)

(અનુષ્ટુપ)

સહાનુભૂતિનું તત્ત્વ, આત્મીયતા જ જીવને,
પ્રાર્થનાથી દૃઢીભૂત થાય છે દૃઢ નિશ્ચયે.

અત્યંત વ્યગ્રતા થાય વાતાવરણ એવું જ્યાં,
ભજન-પ્રાર્થનાદિનું ભાવે સાધન લેવું ત્યાં.

## જીવનનો હેતુ ફળાવવા જાગૃતિ માટેની પ્રાર્થના

(અનુષ્ટુપ)

જે કાજે ઊતર્યો નીચે, તે હેતુને ફળાવવા,
પ્રભુ! જગાડતો રે'જે, હૈયે મને ઉગાડવા.

## હરતાં ફરતાં સતત કરવાની પ્રાર્થના

(વસંતતિલકા)

સંપર્ક શાશ્વત હજો તવ ચેતનાનો,
પ્રેમ-ભક્તિ-ભાવ દૃઢવી હૃદ જોડી રાખો.

## જીવનમાં ગુણભાવ પ્રગટાવવાની પ્રાર્થના

(અનુષ્ટુપ)

'આંતર-જાગૃતિ પાકું થવા ઉત્થાન જીવને'
એવા જીવન હેતુનું, જાગજો ભાન તો હૃદે.

**• મનને સ્થિર કરવા •**

આડુંઅવળું જોવાતાં, આડફંટે જતાં મન,
તને છે પ્રાર્થના મારી, 'રોકાજો તુજ તે પદ'.

**• પ્રસન્નચિત્ત રહેવા •**

કૈં ઉદ્વિગ્ન થતાં ચિત્ત, જગાજો ત્યાં સફાળું ને,
પ્રસન્નચિત્ત રે'વાને, મથાજો અમથી હૃદે.

**• ક્લેશ થતાં •**

ટંટો, ક્લેશ, અશાંતિથી, આવરાઈ જતાં દિલ,
તેનું ભાન થજો તીવ્ર, એવી છે પ્રાર્થના તને.

**• અન્યાય થતાં •**

કોઈને કાંઈ અન્યાય, થજો જીવનમાં નહીં,
સહેવાજો જ અન્યાય, કરેલો કોઈનો ચહી.

**• દ્વેષ નિવારવા •**

સદ્‌ભાવ હો બધાં પ્રત્યે, અસૂયા, દ્વેષ, વેર તે,
જીવને મુજને ના હો, પ્રાર્થના એવી છે તને.

**• આગ્રહો નિર્મૂળ કરવા •**

આગ્રહો ને મડાગાંઠો, ટેવ, સમજણો બધું,
થવા નિર્મૂળ મારાથી, મથાવા પ્રેરજો પ્રભુ !

**• ખમીર પ્રગટાવવા •**

ખબરદારી, ખુમારી, ખમીર ગુણ જીવને,
જીવતાં પ્રગટેલાં હો, એવી છે પ્રાર્થના તને.

**● ધૈર્ય ટકાવવા ●**

ધૈર્ય, સાહસ ને હામ, જીવન વ્યવહારમાં,
જીવતાં ટકજો નિત્યે, તને છે મુજ પ્રાર્થના.

**● એકાગ્રતા ટકાવવા ●**

ઊંડી એકાગ્રતા હૈયે, ટકે સોંસરવી નરી,
યત્ન જાગ્રત એવા તે, થયા સૌ કરજો ચહી.

**● સ્વસ્થતા જાળવવા ●**

સ્વસ્થતા જળવાઈને પ્રસન્નચિત્ત શાંતિ ને
શાતા, એકાગ્રતા પૂર્ણ, પ્રભુ, પ્રસરાવજે હૃદે.

**● ભક્તિ કાજે ●**

હૃદય, મન ભક્તિથી રંગાયેલાં રહો પદે,
ચિત્ત, બુદ્ધિ, અહં, પ્રાણ ઠરો તે પાદપંકજે.

**● કર્મ કરવા માટે ●**

રચ્યા પચ્યા રહેવાજો, સદાયે મસ્ત કર્મમાં,
કદી પ્રમાદ સેવાજો મારાથી સ્હેજ વાર ના. ૧

કર્મ જે કરવાનું છે, જીવતું લક્ષ તે વિશે,
એકધારું રહો મારું, એવી છે પ્રાર્થના તને. ૨

મળેલાં કર્મમાં લક્ષ, ટકાવાને પૂરેપૂરું,
મથાજો અમથી ખંતે, પાર ઉતારવા રૂડું. ૪

કર્યાં કરું બધું જે તે પ્રભુપ્રીત્યર્થ ભાવથી,
સમર્પણ થતાં તે તે, કરાજો પદમાં સ્તવી. ૫

યદ્વાતદ્વા કશું કાંઈ, અમારાથી થજો નહીં,
ગોટાળા ગડભાંજોમાં, પડાજો ના અમો થકી. ૧

**• અનિષ્ટની આંધી વેળાએ •**

દુઃખોની ને અનિષ્ટોની, અનિચ્છનીય એવી જે
આંધીમાંથી કૃપાથી તું, પાર ક્ષેમ ઉતારજે.

**• હામ પ્રેરવા •**

વિઘ્ન, મુશ્કેલી, આપત્તિ, સંસારે આવવાની છે,
માથું ઊંચું રખાવાને, તે વેળા હામ પ્રેરજે.

**• શક્તિ પ્રેરવા •**

વિપત્તિ સંકટો સામે, મર્દાનગીથી મુજને,
ટકી ર્‌હેવા ટટારીથી, પ્રેરજો શક્તિ જીવને.

• • •

## પ્રભુસ્મરણ કાજે પ્રાર્થના

*(ગઝલ)*

મને સંભારતો રે'જે, હૃદય મુજ પાસ તું કરજે,
જીવનમાં તું સતત મારી, હરિ રક્ષા જરૂર કરજે. ૧

જીવનમાં સર્વ સંભાળ, જરૂરી લેતો સદા રે'જે,
તને સંભારવાનું દિલ, રખવજે મારું તું નિત્યે. ૨

સ્મરણ તારું હૃદય કરવા, મને ઉત્સાહ દિલ દેજો,
ભુલાતાં દિલથી મુજને, મને મન સોય ભોંકવજો. ૩

સ્મરણને જિંદગાનીનું ચરણ અમૃત જાણીને,
સ્મરણજળમાં નાહવાને, મને તું પ્રેરતો રે'જે. ૪

હૃદય સંતોષવા તુજને, તું સદ્‌બુદ્ધિ મને દેજે,
થતી ભૂલચૂક મારી સૌ જતી કરજે, જતી કરજે. ૫

અનેકે દોષ મુજથી તો, થયા કરતા જીવનમાં તે,
ભલે શિક્ષા કરીને પણ, ક્ષમા મુજને કરી દેજે. ૬

હૃદય તુજ યાદ ધરવાને મને ચાનક લગાડી દે,
સ્મરણ તારું થવા મુજને સદા તું ટોકતો રે'જે. ૭

ભુલાતાં તે સ્મરણ તારું હજારો વીંછીના ડંખે,
શરીરમાં વેદના ઉગ્ર, તું પ્રગટાવી સીધો કરજે. ૮

• • •

## સાચી સેવા

બીજાઓના ભલા સારુ ઉઠાવેલો બધો શ્રમ,
સ્વાર્થ હેતુ ન જેમાં હો સેવાનો તે ખરો ક્રમ. ૧

સેવાનો ભાવ જે કર્મે કર્મ તે ભાવ નિષ્ઠ છે,
કર્મભાવથી સીંચેલું તેવાં કર્મ ઘડે ખરે,
જીવનને ઊંચે આણે પ્રેરાવે દૃષ્ટિ જીવને. ૨

પ્રભુપ્રીત્યર્થ જે સેવા થતી જીવન ભાવથી,
ઉચ્ચ જીવનને કેવું આકાશે તારવે ચહી. ૩

નિર્વાહ તારી સેવાથી અમારો પ્રેમથી થતો,
ચેતના પ્રાણ રેડાજો પ્રવૃત્તિમાં કૃપાથી સૌ. ૪

## અખંડ સ્મરણ માટે પ્રાર્થના

*(ભુજંગી)*

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મનવાસનામાં, પાપમાં, ચિત્તના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૧

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગરગમહીં, નખશિખમહીં, ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં. ૨

• • •

## અપેક્ષા રહિતની પ્રાર્થના

(અનુષ્ટુપ)

પાર પાડવું ધારેલું, તે તો શ્રીપ્રભુ હાથ છે,
એટલી પ્રાર્થના મારી, સાધન અણમોલ છે. ૧

કિંતુ જે માંગીએ તેથી ઊંધું જો પરિણામ હો,
પ્રભુની ભેટ જાણીને સ્વીકારી હર્ષ સાથ લ્યો. ૨

• • •

# વિપરીત પરિસ્થિતિમાં

ભલે છોને આવો વિપરીત ઉપાધિ અમ પરે,
ભલે છોને હોયે વિપરીત પરિસ્થિતિ અમને,
બધુંયે ઓળંગી જઈશ હું કૃપાથી તુજ પ્રભુ!
છતાં માંગું દેજે ધીરજ બળ તાકાત દિલ તું. ૧

કસોટીમાં પ્રભુ ! તારી ઊતરવા શક્તિ ના મારી,
કરુણા ને કૃપા માંગ્યા કરું હું તો સદા તારી. ૨

ઊગ્યાંતાં જે પુષ્પો મુજ જીવનવાડી મહીં ખીલ્યાં,
વિકારી તાપેથી બહુ જ કરમાઈ સહુ ગયાં,
લીલી વાડી મારી અરર! પ્રભુ! વેરાન થઈ શી !
અરે ! આવી સિંચો તમ જળ કૃપાનું પ્રભુ ! તહીં. ૩

પ્રાર્થના કરતાં દિલથી મુજને આવડે જરા ન બાપ !
ગાંડુંઘેલું રડું તુજ આગળ હું, દાસ ચરણનો બાપ ! ૪

• • •

॥ હરિઃૐ ॥

# નર્મદા નદીના નવા થનારા પુલ અંગે પૂજ્ય શ્રીમોટાની પ્રાર્થના

*(અનુષ્ટુપ)*

અહીં આકાર લેવાશે, જેનો તેનો વિકાસ તે,
થજો સંપૂર્ણ રીતેથી યોગ્યતા સપ્રમાણથી. ( ૧ )

થનારાં કર્મની યોગ્ય કળાશક્તિ બધીય જે,
વપરાજો પૂરેપૂરી તારી કૃપા તું પ્રેરીને. ( ૨ )

'દક્ષતા સર્વ ચોકસાઈ આ કાર્યની જાણકારી તે,
આવજો ઉપયોગે સૌ'' પ્રાર્થના એ પ્રભુપદે. ( ૩ )

સૌ ગણતરી આરંભે આ કર્મ કરેલ છે,
લક્ષમાં રાખી રાખીને પ્રમાણે કર્મ તે થજો. ( ૪ )

'સમષ્ટિને જ વ્યાપેલું જે કર્મ હોય તે વિશે,
માનવી જીવવૃત્તિનો ના પ્રવેશ થજો' સ્તવું. ( ૫ )

જેનાથી બગડે કર્મ એવું ના અમથી થજો,
અમોને રસ આ કર્મે જીવતો જાગતો હજો. ( ૬ )

સૌ વ્યવહાર—આધાર જેના લીધે ખરો જગે,
કર્મ આ ઉપયોગી છે, ઊગો કૌશલ્ય તે વિશે. ( ૭ )

કોઈ પ્રકારની ના રહો આ કર્મે કૈં અપૂર્ણતા,
સહકાર બધાંનોયે આ કર્મે મળજો સદા. ( ૮ )

સમષ્ટિનું જ આ કર્મ પ્રભુનું કર્મ ધારીને,
આ કર્મ કરશે તેનું સુતરું સુતરું થશે. ( ૯ )

‘શુભેચ્છા, પ્રેરણા, શક્તિ આરંભાતા જ કર્મને,
મળ્યાં તે કરજો સૌની’ પ્રાર્થના તે પ્રભુપદે. (૧૦)
સર્વ શ્રેષ્ઠ થજો કર્મ કર્મની રીતથી બધી,
ને ગફલત આ કર્મે થજો ના કો પ્રકારની. (૧૧)
એકધારું રહો લક્ષ આ કર્મયજ્ઞમાં સદા,
ને બેફામ થવાજો ના રાખજો રત કર્મમાં. (૧૨)
સાંગોપાંગ થવા કર્મ ક્ષમતા ને સભાનતા,
સાવચેતી પૂરી ખંતે રાખજો દિલથી સદા. (૧૩)
છે ભગીરથ આ કર્મ ચૂક્યા જો ભૂલ કૈં કરી,
વાર તો બગડેલાને લાગે સુધારતાં ઘણી. (૧૪)
સૌ આ કર્મતણી યોગ્ય જાણકારી અમારી જે
કર્મે કુશળતાથી તે વપરાજો અમો થકે. (૧૫)
‘આ કર્મે કરવા પ્રાપ્ત લાભ તે વધુમાં વધુ’,
એવી જીવદશા વૃત્તિ થજો ના અમને’ સ્તવું. (૧૬)
શ્રમનો યોગ્ય જે હોય બદલો મળજો પૂરો,
કોઈ આશા અપેક્ષા ના આ કર્મે અમને હજો. (૧૭)
મોટું આ દેશનું કર્મ પાર તે પાડવા હૃદે,
ઉદ્યમ, ખંત, ઉત્સાહ કામમાં લાગજો ખરે. (૧૮)
દુભવવાનું કોઈને કદીયે બનજો નહીં,
કર્મે સંતોષ આપી સૌ સંતોષ પામજો સહી. (૧૯)

**— મોટા**

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ – સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.
૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
| --- | --- | --- |
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
| --- | --- | --- |
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
| --- | --- | --- |
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
| --- | --- | --- |
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
| --- | --- | --- |
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. | | | |
|---|---|---|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ | ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| २. | कैंसर का प्रतिकार | २००८ | ९. | विवाह हो मंगलम् | २०१२ |
| ३. | सुख का मार्ग | २००८ | १०. | बालकों के **मोटा** | २०१२ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ | ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| ५. | प्रसादी | २००९ | १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| ६. | नामस्मरण | २०१० | १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० | १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| | | | १५. | मौनमंदिर में प्रभु | २०१४ |


●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. | | | |
|---|---|---|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 | 14. | Against Cancer | 2008 |
| 2. | To The Mind | 1950 | 15. | Faith | 2010 |
| 3. | Life's Struggle | 1955 | 16. | Shri Sadguru | 2010 |
| 4. | The Fragrance Of A Saint | 1982 | 17. | Human To Divine | 2010 |
| 5. | Vision of Life - Eternal | 1990 | 18. | Prasadi | 2011 |
| 6. | Bhava | 1991 | 19. | Grace | 2012 |
| 7. | Nimitta | 2005 | 20. | I Bow At Thy Feet | 2013 |
| 8. | Self-Interest | 2005 | 21. | Attachment And Aversion | 2015 |
| 9. | Inquisitiveness | 2006 | 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |
| 10. | Shri Mota | 2007 | | | |
| 11. | Rites and Rituals | 2007 | | | |
| 12. | Naamsmaran | 2008 | | | |
| 13. | Mota for Children | 2008 | | | |

●

॥ હરિ:ૐ ॥



સુરત આશ્રમમાં લગ્નવિધિ બાદ પૂજ્ય શ્રીમોટા, શ્રી મુકુલ કલાર્થી,
શ્રીમતી નિરંજનાબહેન અને બારડોલી નિવાસી તેમના
પિતાશ્રી ઉત્તમચંદ દીપચંદ શાહ

॥ હરિઃૐ ॥

લગ્નજીવનમાં એકબીજાંને માટે પ્રેમથી ત્યાગ કરીએ અને ઉમળકાભેર ફના થવાની તૈયારી હોય તો પરસ્પરનાં જીવન સુખી થાય. એમાંથી જીવનનો વિકાસ થાય. લગ્નવિધિમાં આ બધી હકીકત આવે છે. આપણે એ જાણતા નથી.

મારે હાથે એક આંતરજ્ઞાતીય લગ્ન કરાવવાનું આવેલું. એ વખતે મને વિચાર આવેલો કે લગ્ન વખતે કંઈ બોલવું તો જોઈએ. પછી એ અંગેનું સાહિત્ય વાંચ્યું અને મેં એ વિધિ ગુજરાતીમાં લખી. એમાં આવે છે કે ‘એના ઉપર તું વિચારનો પણ બળાત્કાર ન કરીશ’. આપણા કેટલાક આદર્શો બહુ ઊંચા છે, પણ એ આચરણમાં મુકાયા નથી.

તા. ૧૮-૧૦-૧૯૭૪

**- શ્રીમોટા**

‘ગ્રહ ગ્રહણ’, પ્ર. આ., પૃ. ૬૯-૭૧

**કિંમત : રૂ. ૧૦/-**